અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૪ | અંક : ૧૮૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




**૩૨ ખેલાડીને અપાશે અર્જુન પુરસ્કાર |** મનુ અને ગુકેશ ઉપરાંત હોકી ખેલાડી હરમનપ્રીત સિંહ અને પેરા એથ્લેટ પ્રવીણ કુમારને પણ ખેલ રત્ન એવોર્ડથી નવાજવામાં આવશે

# મનુ ભાકર અને ડી. ગુકેશ સહિત ચાર ખેલાડીને ખેલ રત્નથી સન્માનિત કરાશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ |

ભારત સરકારે મનુ ભાકર અને ડી ગુકેશ સહિત ૪ ખેલાડીઓને ખેલ રત્ન પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ મળશે. મનુ ભાકર અને ડી ગુકેશ ઉપરાંત હોકી ખેલાડી હરમનપ્રીત સિંહ અને પેરા એથ્લેટ ખેલાડી પ્રવીણ કુમારને પણ ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવશે. આ સિવાય ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવશે. યુવા બાબતો અને રમત મંત્રાલયે આજે (૨ જાન્યુઆરી) રાષ્ટ્રીય રમત પુરસ્કારો ૨૦૨૪ની જાહેરાત કરી છે.

૧૭ જાન્યુઆરી ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત થનારા વિશેષ સમારોહમાં એવોર્ડ વિજેતાઓને ભારતના રાષ્ટ્રપતિ પાસેથી એવોર્ડ આપવામાં આવશે. સમિતિની ભલામણોના આધારે અને યોગ્ય તપાસ બાદ, સરકારે નીચેના ખેલાડીઓ, કોચ, યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને પુરસ્કારો આપવાનું નક્કી કર્યું છે. આ વખતે ખેલ રત્ન અને ધ્યાનચંદ્ર



ખેલ રત્ન પુરસ્કારોમાં કોઈ ક્રિકેટ ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જે આશ્ચર્યજનક છે. આ સાથે, ક્રિકેટ સાથે જોડાયેલા કોઈપણ વ્યક્તિનું નામ કોચની શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યું ન હતું.

**મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર**
ડી. ગુકેશ, ચેસ
હરમનપ્રીત સિંહ, હોકી
પ્રવીણ કુમાર, પેરા-એથ્લેટિક્સ
મનુ ભાકર, શૂટિંગ

**અર્જુન પુરસ્કાર મેળવનારા ખેલાડીઓની યાદી**
૧. જ્યોતિ યારાજી (એથ્લેટિક્સ)
૨. અન્નુ રાની (એથ્લેટિક્સ)
૩. નીતુ (બોક્સિંગ)
૪. સ્વીટી (બોક્સિંગ)
૫. વંતિકા અગ્રવાલ (ચેસ)
૬. સલીમા ટેટે (હોકી)
૭. અભિષેક (હોકી)
૮. સંજય (હોકી)
૯. જર્મનપ્રીત સિંહ (હોકી)
૧૦. સુખજીત સિંહ (હોકી)
૧૧. સ્વપ્નિલ સુરેશ કુસલે (શૂટિંગ)
૧૨. સરબજોત સિંહ (શૂટિંગ)
૧૩. અભય સિંહ (સ્ક્વોશ)
૧૪. સાજન પ્રકાશ (સ્વિમિંગ)
૧૫. અમન (કુશ્તી)
૧૬. રાકેશ કુમાર (પેરા તીરંદાજી)
૧૭. પ્રીતિ પાલ (પેરા એથ્લેટિક્સ)
૧૮. જીવનજી દીપ્તિ (પેરા એથ્લેટિક્સ)
૧૯. અજીત સિંહ (પેરા એથ્લેટિક્સ)
૨૦. સચિન સર્જેરાવ ખિલારી (પેરા એથ્લેટિક્સ)
૨૧. ધરમબીર (પેરા એથ્લેટિક્સ)
૨૨. પ્રણવ સુરમા (પેરા એથ્લેટિક્સ)
૨૩. એચ હોકાટો સેમા (પેરા એથ્લેટિક્સ)
૨૪. સિમરન જી (પેરા એથ્લેટિક્સ)
૨૫. નવદીપ (પેરા એથ્લેટિક્સ)
૨૬. નિતેશ કુમાર (પેરા બેડમિન્ટન)
૨૭. તુલસીમાથી મુરુગેસન (પેરા બેડમિન્ટન)
૨૮. નિત્ય શ્રી સુમતિ સિવન (પેરા બેડમિન્ટન)
૨૯. મનીષા રામદાસ (પેરા બેડમિન્ટન)
૩૦. કપિલ પરમાર (પેરા જુડો)
૩૧. મોના અગ્રવાલ (પેરા શૂટિંગ)
૩૨. રૂબિના ફ્રાન્સિસ (પેરા શૂટિંગ)

**રમત ગમતમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે અર્જુન પુરસ્કાર (લાઇફ ટાઇમ)**
૧. સુચ્ચા સિંહ (એથ્લેટિક્સ)
૨. મુરલિકાંત રાજારામ પેટકર (પેરા સ્વિમિંગ)

**દ્રોણાચાર્ય પુરસ્કાર (રેગ્યુલર)**
૧. સુભાષ રાણા (પેરા શૂટિંગ)
૨. દિપાલી દેશપાંડે (શૂટિંગ)
૩. સંદીપ સાંગવાન (હોકી)

**દ્રોણાચાર્ય પુરસ્કાર (લાઇફ ટાઇમ)**
૧. એસ. મુરલીધરન (બેડમિન્ટન)
૨. અર્માંડો એગ્નેલો કોલાકો (ફૂટબોલ)

**રાષ્ટ્રીય ખેલ રતન પુરસ્કાર**
૧. ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા

**મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી ૨૦૨૪**
૧. ચંડીગઢ યુનિવર્સિટી (ઓવરઓલ વિનર યુનિવર્સિટી)
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (ફર્સ્ટ રનર અપ યુનિવર્સિટી)
૩. ગુરુ નાનક દેવ વિશ્વવિદ્યાલય, અમૃતસર (સેકન્ડ રનર અપ યુનિવર્સિટી)

## બાંગ્લાદેશમાં હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને ઝટકો



| (એજન્સી) ઢાકા, તા.૨ |

બાંગ્લાદેશની કોર્ટે હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને મોટો ઝટકો આપ્યો છે. આજે કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે. હવે હિન્દુ સંતના વકીલ હાઈકોર્ટ જવાની તૈયારી કરી રહ્યા છે. ISKCONના પૂર્વ સદસ્યને સઘન સુરક્ષા વચ્ચે સુનાવણી માટે કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. ઈસ્કોનના પ્રવક્તા રાધારમણ દાસે કહ્યું, અમને આશા હતી કે તેમને નવા વર્ષમાં મુક્ત કરાશે.'

## દીપ્તિ શર્મા આઈસીસી વન-ડે રેન્કિંગમાં ટોપ ફાઈવમાં પહોંચી

| (એજન્સી) દુબઈ, તા.૨ |

ભારતીય મહિલા ટીમની ઓફ સ્પિનર દીપ્તિ શર્મા આઈસીસી વિમેન્સ વન-ડે રેન્કિંગમાં ટોપ ફાઈવમાં પ્રવેશવામાં સફળ રહી છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ઘરઆંગણે રમાયેલી વન-ડે સિરીઝમાં ઓલ-રાઉન્ડ દેખાવ બાદ દીપ્તિ શર્મા એક સ્થાનના ફાયદા સાથે પાચમાં ક્રમે રહી છે. દીપ્તિના ૬૬૫ રેટિંગ પોઈન્ટ્સ થયા છે અને તે ચોથા ક્રમની દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટર મેરિઝાન કેપ (૬૭૭) કરતા હાથવેંતના અંતરે જ છે.

### ઝેલેન્સ્કીના આ નિર્ણયને કારણે યુરોપના ૪૦ દેશો શિયાળામાં ઠૂંઠવાશે

# યુક્રેને તેની ભૂમિમાં થઈને યુરોપમાં પાઈપલાઈનથી મોકલાતા રશિયન ગેસનો સપ્લાય બંધ કર્યો

## રશિયાની સરકારી કંપની ગેઝપ્રોમ અને યુક્રેન વચ્ચે પાઈપલાઈન દ્વારા યુરોપિયન દેશોમાં ગેસ મોકલવાનો કરાર હવે તૂટી ગયો છે

| (એજન્સી) મોસ્કો, તા.૨ |

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોડીમિર ઝેલેન્સકીએ જણાવ્યું છે કે, યુક્રેનના માર્ગે યુરોપિયન દેશોમાં મોકલવામાં આવતા રશિયન ગેસનો પુરવઠો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. યુક્રેનના આ નિર્ણયને કારણે યુરોપના ૪૦ દેશોને શિયાળામાં ઠૂંઠવાઈ જવાનો વારો આવશે. યુરોપના ૪૦ દેશો રશિયા પાસેથી ગેસ ખરીદે છે અને તેમાંથી રશિયા દર વર્ષે લગભગ ૫.૨ બિલિયન ડોલરની કમાણી કરે છે.રશિયાની સરકારી કંપની ગેઝપ્રોમ અને યુક્રેન વચ્ચે પાઈપલાઈન દ્વારા યુરોપિયન દેશોમાં ગેસ મોકલવાનો કરાર હવે તૂટી ગયો છે. આ



સાથે રશિયા અને યુક્રેન વચ્ચેનો છેલ્લો વેપાર અને રાજકીય કરારનો હવે અંત આવ્યો છે. વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું હતું કે અમે રશિયાને અમારા લોહી વહાવીને ડોલર કમાવા નહીં દઈએ. યુક્રેનના આ નિર્ણયથી યુરોપિયન દેશોમાં ખળભળાટ મચી ગયો છે. બીજી તરફ, સ્લોવાકિયા અને પોલેન્ડે યુક્રેનને વીજ પુરવઠો બંધ કરવાની ધમકી આપી છે.યુક્રેનના આ નિર્ણયથી રશિયાને બહુ ફરક પડવાની શક્યતા ઓછી છે. કારણ કે રશિયા હજુ પણ કાળાસાગરની પેલે પાર તુર્કસ્ટ્રીમ પાઈપલાઈન દ્વારા હંગેરી, તુર્કી અને સર્બિયાને ગેસ મોકલી શકે છે.કરાર તૂટવાને કારણે હવે યુરોપના ઘણા દેશોમાં રશિયન કુદરતી ગેસની નિકાસ બંધ થઈ ગઈ છે. રશિયન કંપની ગેઝપ્રોમ ટ્રાન્ઝિટ એગ્રીમેન્ટ હેઠળ યુદ્ધ દરમિયાન પણ સ્લોવાકિયા, મોલ્ડોવા અને હંગેરી સહિત ઘણા દેશોમાં કુદરતી ગેસ મોકલતી હતી. યુક્રેનના ઊર્જામંત્રી જર્મન ગાલુશેન્કોએ એક નિવેદનમાં કહ્યું છે કે અમે રશિયન ગેસના પરિવહનને રોકી દીધું છે.


### રોકાણકારો ૬૦૦૦૦૦ કરોડ કમાયા

# શેરબજારમાં રેકોર્ડ બ્રેક તેજી જોવા મળી, સેન્સેક્સમાં ૧૪૩૬ પોઈન્ટનો ઉછાળો

| (એજન્સી) મુંબઈ, તા.૨ |

આજના ટ્રેડિંગ દરમિયાન, બજાજ ફિનસર્વ, આઈશર મોટર્સ, બજાજ ફાઈનાન્સ, મારુતિ સુઝુકી, શ્રીરામ ફાઈનાન્સના શેર નિફ્ટી પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ અને સન ફાર્માના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા. કારોબારી સપ્તાહના ચોથા દિવસે શેરબજાર ઉછાળા સાથે ગ્રીન ઝોનમાં બંધ થયું છે.

BSE પર સેન્સેક્સ ૧૪૩૬ પોઈન્ટના ઉછાળા સાથે ૭૯,૯૪૩.૭૧ પર બંધ રહ્યો હતો .., NSE પર નિફ્ટી ૧.૮૮ ટકાના વધારા સાથે ૨૪,૧૮૮.૬૫ પર બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન, બજાજ ફિનસર્વ, આઈશર મોટર્સ, બજાજ ફાઈનાન્સ, મારુતિ સુઝુકી, શ્રીરામ ફાઈનાન્સના શેર નિફ્ટી પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ અને સન ફાર્માના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા. ઓટો ઈન્ડેક્સ ૩.૫ ટકા અને IT ઈન્ડેક્સ



૨ ટકા વધવા સાથે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા રંગમાં ટ્રેડ થયા હતા.નાણાકીય ક્ષેત્રમાં ૦.૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી જ્યારે ખાનગી બેક્નોમાં ૦.૫ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ આગામી ત્રિમાસિક કમાણીના સત્ર પહેલાં નાણાકીય, ઓટો અને આઈટી શેર્સમાં વૃદ્ધિને કારણે એશિયન બજારોમાં નુકસાન છતાં ગુરુવારે ઊંચા વેપાર કર્યા હતા. આ હકારાત્મક વિકાસને બે બ્રોકરેજ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# સરકારની નાની બચત યોજનાઓના માર્ચ ત્રિમાસિક વ્યાજદર જાહેર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ |

કેન્દ્ર સરકારે પીપીએફ સહિત સરકારી નાની બચત યોજનાઓ માટે નવા વ્યાજદર જાહેર કર્યા છે. કેન્દ્ર સરકાર દર ત્રિમાસિકમાં આ યોજનાઓના વ્યાજમાં મોંઘવારીના આધારે ફેરફાર કરે છે. જેમાં પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર માર્ચ ત્રિમાસિકમાં ૭.૧ ટકા વ્યાજ મળશે. પીપીએફ યોજના પર ૭.૧ ટકાનો વ્યાજદર ૧ એપ્રિલ, ૨૦૨૦થી લાગુ છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે પહેલાં ૭.૯ ટકા વ્યાજ મળતુ હતું. પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓમાં મોટાભાગની સ્કીમમાં વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા છે. જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૫ ત્રિમાસિક દરમિયાન પોસ્ટ ઓફિસ સેવિંગ ડિપોઝિટ પર ૪ ટકા વ્યાજદર યથાવત રાખવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા સુરક્ષિત અને નાના રોકાણકારો માટે નાની બચત યોજનાઓ ચલાવવામાં આવે છે. આ યોજનાનું સંચાલન પોસ્ટ ઓફિસ તેમજ અમુક બેક્નો દ્વારા થાય છે. જેને ત્રણ કેટેગરીમાં ફાળવવામાં આવી છે.

પ્રથમ સેવિંગ્સ ડિપોઝિટ, બીજુ સોશિયલ સિક્યુરિટી સ્કીમ અને ત્રીજુ મંથલી ઈનકમ પ્લાન. સેવિંગ્સ ડિપોઝિટમાં પીપીએફ અને પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમને આવરી લેવામાં આવી છે. સોશિયલ સિક્યુરિટી સ્કીમમાં સુકન્યા સમૃદ્ધિ યોજના અને વરિષ્ઠ નાગરિક બચત યોજના સમાવિષ્ટ છે. જ્યારે મંથલી ઈનકમ પ્લાનમાં મંથલી ઈનકમ એકાઉન્ટમાં રોકાણ કરી શકો છો.

**નાની બચત યોજનાઓના વ્યાજદર (એપ્રિલ ત્રિમાસિક, ૨૦૨૪-૨૫)**

| નાની બચત યોજના | વ્યાજદર |
|---|---|
| સેવિંગ્સ ડિપોઝિટ | ૪ ટકા |
| ૧. વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૬.૯ ટકા |
| ૨. વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭.૦ ટકા |
| ૩. વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭.૧ ટકા |
| ૪. વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭,૫ ટકા |
| ૫. વર્ષીય રિકરિંગ ડિપોઝિટ | ૬.૭ ટકા |
| નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ | ૭.૭ ટકા |
| કિસાન વિકાસ પત્ર | ૭.૫ ટકા |
| પબ્લિક પ્રોવિડન્ટ ફંડ | ૭.૧ ટકા |
| સુકન્યા સમૃદ્ધિ યોજના | ૮.૨ ટકા |
| સિનિયર સિટિજન સેવિંગ સ્કીમ | ૮.૨ ટકા |
| મંથલી ઈનકમ એકાઉન્ટ | ૭.૪ ટકા |

### CCTVમાં ઘટના કેદ થઈ

# મમતા બેનરજીના નજીકના TMC નેતાની જાહેરમાં ગોળી મારી હત્યા

| (એજન્સી) માલદા, તા.૨ |

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં આજે સવારે (૨જાન્યુઆરી) તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલર દુલાલ સરકારની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. બાઈક પર આવેલા બદમાશોએ ઝાલઝાલિયા વિસ્તારમાં આવી સ્ઞના માલદાના કાઉન્સિલર સરકારને માથામાં ગોળી મારી હત્યા કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, સરકારને ગોળી વાગ્યા બાદ તેમને તુરંત નજીકની હોસ્પિટલ લઈ જવાયા, જોકે તેમણે દમ તોડી દીધો હતો. આ ઘટના અંગે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અમે ગોળીબાર કરનારા બદમાશોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.' આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પીટીઆઈ દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ટીએમસીના કાઉન્સિલર દુલાલ સરકાર પોતાનો જીવ બચાવવા દોડતા જોવા મળે છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ACMA ટેક એક્સ્પોનું ઉદ્ઘાટન





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર દેશમાંથી પધારેલા ૧૦૪થી વધુ ટેક પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લીધી.

**ન્યૂઝ બ્રિફ**

### અમદાવાદમા યોજાઈ ૪૭મી ગુજરાત રાજ્ય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ સ્પર્ધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના નિકોલ ખાતે ૪૭મી ગુજરાત રાજ્ય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાત અને દેશના વિવિધ રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ દિવ્યાંગ ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ખેલાડીઓ નેશનલ, ઈન્ટરનેશનલ તેમજ એશિયા પેરા એથ્લેટિક્સ ગેમ્સ જેવી રમતોમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી ચૂક્યા છે. જેમનું આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૪૫ થી વધુ પેરાલિમ્પિક રમતવીરોની નેશનલ ગેમ્સ માટે પસંદગી કરવામાં આવી છે અને તેઓ ગુજરાત રાજ્ય પેરા એથ્લેટિક્સ એસોસિએશનમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. ૪૭મી ગુજરાત રાજ્ય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માં શોટ પુટ, બરછી ફેંક, વ્હીલ થ્રો, ૧૦૦ અને ૨૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ઉંચી કૂદ અને ક્લબ થ્રો જેવી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.

### જામનગરની સોસાયટીમાં દિનદહાડે વેપારીનાં ઘરમાંથી ૧૪ લાખની લૂંટ

। (એજન્સી) જામનગર, તા.૨ ।

જામનગરમાં થર્ટી ફર્સ્ટ પર પોલીસના કડક ચેકિંગ વચ્ચે બે બુકાનીધારી ધોળાદિવસે રહેણાક વિસ્તારમાંથી ૧૪ લાખની લૂંટ કરી ગયા હતા. તારમામદ સોસાયટીમાં લૂંટારૂંઓએ મહિલાના મોઢે ડૂચો દઈ રૂ. ૧૪ લાખ ઉપરાંતની માલમત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા. જો કે પોલીસે ગણતરીના છથી સાત કલાકમાં સઘન તપાસ થકી બે આરોપીને ઝડપી લીધા છે. જામનગરમાં તારમામદ સોસાયટી વિસ્તારમાં રહેતા અને બ્રાસપાર્ટનું કારખાનું ચલાવતા મુસ્તફાભાઈ નુરુદીનભાઈ અતરિયા દાઉદી વ્હોરા ગઈકાલે પોતાના કામથી બહાર ગામ ગયા હતા. આ સમયે તેમના પુત્ર અબ્બાસ ભાઈ મુસ્તફા બ્રાસપાર્ટના કારખાને ગયા હતા. બપોરે ૧૨.૨૦ વાગ્યાને તેઓના બંગલામાં બે અજાણ્યા શખ્સો આયુર્વેદિક દવા આપવાના બહાને ઘૂસ્યા હતા અને ઘરમાં હાજર રહેલા મુસ્તફાભાઈના પત્ની ફરીદાબેન (૫૮) ને વાતચીત કર્યા પછી તેઓના મોઢામાં કપડું ભરાવી દઈ માર મારી ઘરમાં લૂંટ ચલાવી હતી.

#### આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું

**વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

વિકસીત રાષ્ટ્રના નિર્માણના પાયામાં શિક્ષણ રહેલું છે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત દેશની વિભાવના સાર્થક થશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી શિક્ષિત રાજ્ય બનવાની નેમ શરૂ કરી હતી. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવા દિશા અને વિચારો સાથે આગળ ધપાવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓમાં એક્રેડિટેશન કરવામાં આવ્યું છે. જેના થકી શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે નિરંતર પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે.

જેમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષામુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ (સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ) દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લાના આચાર્યો, મુખ્ય શિક્ષકો તેમજ સી.આર.સી કોઓર્ડીનેટરને સ્કૂલ અક્રેડીટેશન ફ્રેમ વર્ક સંબંધે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા શુભાશયથી **DIKSHA Portal** પર ઓનલાઈન કોર્સિસ પણ મુકવામાં આવ્યા છે, જે રાજ્યના તમામ શિક્ષકોને સમયસર અને ઝડપી માર્ગદર્શન આપવામાં મદદરૂપ સાબિત થશે.

#### વેપારી ટરપેન્ટાઇલ ૮૦ રૂપિયે લીટર લોકોને વેચી રહ્યા છે

# અકોટામાં સસ્તા અનાજના દુકાનદાર ગેર-કાયદેસર રીતે ટર્પેન્ટાઇલ વેચતા પકડાયા

**લોકોના જીવને જોખમમાં મુકનાર જ્વલનશીલ પદાર્થનું બિન્દાસ્ત વેચાણ થતું હોવાનો ખુલાસો**

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરમાં સસ્તા અનાજની દુકાનથી અનાજ ના મળે, પરંતુ આ દુકાનમાંથી ટર્પેન્ટાઈન ચોકસ મળી જાય છે. અકોટા વિસ્તારના સસ્તા અનાજના દુકાનદાર ગેરકાયદેસર રીતે ટર્પેન્ટાઇલ વેચતા પકડાયા છે. બે વર્ષથી દુકાનદાર ટર્પેન્ટાઇલ વેચતો હોવાની માહિતી સામે આવતા પુરવઠા વિભાગ સામે સવાલ ઊભા થયા છે. કેરોસીન બંધ થયા બાદ સસ્તા અનાજની દુકાનદાર નવો કીમિયો અજમાવી કોઈપણ પ્રકારની મંજૂરી વગર ટરપેન્ટાઈલ કે જે સ્ટવ સળગાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે તેનું જાહેરમાં ખુલ્લેઆમ વેચાણ કરી રહ્યા છે.

દુકાનદાર ભરત પ્રજાપતિ પોતાની સાથે સાથે લોકોના જીવને પણ જોખમમાં મૂકી રહ્યા છે. ત્યારે તેમના દ્વારા આ જ્વલનશીલ ટરપેન્ટાઈલ વેચવા માટે કોઈપણ પ્રકારની કોઈની પણ પાસેથી મંજૂરી લેવામાં આવી નથી અને તેઓ છેલ્લા કેટલાય સમયથી આ જ્વલંતશીલ પદાર્થ ટર્પેન્ટાઈલનું વેચાણ કરી રહ્યા છે. વેપારી ટરપેન્ટાઇલ ૮૦ રૂપિયે લીટર લોકોને વેચી રહ્યા છે. ત્યારે આ રીતે ગેરકાયદેસર રીતે જાહેરમાં વેચતા પોલીસ અને પુરવઠા વિભાગની કામગીરી પણ શંકાના દાયરામાં આવી છે. પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવતા ચેકિંગ અને ઓડિટ પર પણ અનેક સવાલ ઊભા થયા છેપસસ્તા અનાજની દુકાનદારને જોઈને આસપાસના પ્રોવિઝન સ્ટોર સંચાલકો પણ આ ટર્પેન્ટાઈલ વેચવા લાગ્યા છે. પુરવઠા વિભાગે સસ્તા અનાજની દુકાનમાં દરોડા પાડી ૭૦ લીટર ટર્પેન્ટાઇલ જપ્ત કર્યું, જ્યારે પોલીસે પણ પ્રોવિઝન સ્ટોરની દુકાનમાં દરોડા પાડી ટાર્લેન્ટાઈલ ભરેલા બે કેરબા જપ્ત કર્યાપપુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક પુરવઠા નિરીક્ષક સહિત ત્રણ અધિકારીઓને સસ્તા અનાજની દુકાન પર તપાસ માટે મોકલવામાં આવ્યા. જોકે પુરવઠા અધિકારી દુકાન પર પહોંચે તે પહેલા જ દુકાનદાર દ્વારા પુરવઠો સગેવગે કરી દેવામાં આવ્યો હતો. પરંતુ અધિકારી દ્વારા દુકાનદારનું નિવેદન લઈ સગેવગે કરેલ તમામ કેરબા પરત મંગાવી જથ્થો સીઝ કર્યો હતો. પુરવઠા નિરીક્ષકે કહ્યું કે મંજૂરી વગર ગેરકાયદેસર રીતે દુકાનદાર ટર્પેન્ટાઈલ વેચી રહ્યો હોવાનું સામે આવ્યું છે જેનો રિપોર્ટ જિલ્લા પુરવઠા અધિકારીને કરીશું. જિલ્લા પુરવઠા અધિકારી રિપોર્ટ આધારે કાર્યવાહી કરશે. જ્યારે પોલીસે પ્રોવિઝન સ્ટોર પરથી જપ્ત કરેલ ટર્પેન્ટાઈલ તપાસ માટે એફએસએલ માં મોકલ્યો છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ દુકાનદાર સામે વધુ કાર્યવાહી કરવામાં આવશે. મહત્વની વાત છે કે વડોદરામાં શહેર જિલ્લામાં કુલ પુરવઠા વિભાગના હાથ નીચે ૭૫૦થી લઈ ૮૦૦ જેટલા દુકાનદારો છે કે જે લોકો સુધી અનાજ પહોંચાડે છે. ત્યારે આ તો એક દુકાનદારની વાત ધ્યાને આવી છે તો પુરવઠા વિભાગ લોકોના હિતને ધ્યાને રાખી અન્ય દુકાનદારોને ત્યાં પણ તપાસ કરી કાર્યવાહી કરે તે જરૂરી બન્યું છે.

#### શાળામાં શૈક્ષણિક વાતાવરણ બગડી રહ્યું છે

# બોટાદની શાળામાં ચોરી કરાવવાનો આક્ષેપ, ક્લાસ રૂમના કેમેરા ઉતારી પરિસરમાં મુક્યા

**શાળાના જ શિક્ષક ગંભીર આક્ષેપો લગાવી રહ્યા છે કે શાળામાં પરીક્ષા દરમિયાન ચોરી કરાવવામાં આવે છે**

। (એજન્સી) બોટાદ, તા.૨ ।

બોટાદ શહેરની શાળા નંબર ૨૦માં ચાલી રહેલા કથિત અનિયમિતતાઓ અને ગેરરીતિઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે. આ વીડિયોમાં શાળાના જ વિદ્યાસહાયક શિક્ષક ગંભીર આક્ષેપો લગાવી રહ્યા છે કે શાળામાં પરીક્ષા દરમિયાન ચોરી કરાવવામાં આવે છે અને આ માટે ક્લાસરૂમના કેમેરા હટાવીને પરિસરમાં મૂકવામાં આવે છે. વિદ્યાસહાયક શિક્ષકે આક્ષેપ કર્યો છે કે આ કારણે વિદ્યાર્થીઓનો ડ્રોપઆઉટ રેશિયો વધી રહ્યો છે અને શાળામાં શૈક્ષણિક વાતાવરણ બગડી રહ્યું છે. તેમણે આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ ન હોવાની ફરિયાદ કરી છે. આ બાબતે શાળાના આચાર્ય ચેતનભાઈ ગોહિલે કેમેરા મૂકવાના નિર્ણયનો બચાવ કર્યો છે. જોકે, વિદ્યાસહાયક શિક્ષકના આક્ષેપોએ શાળામાં અને શહેરમાં ભારે ચર્ચા જગાવી છે. આ ગંભીર આરોપો બાદ શિક્ષણ વિભાગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જોકે, આ મામલે ઊંડાણ પૂર્વકની તપાસ કરવાની માંગ ઉઠી છે.આ મામલો માત્ર એક શાળા સુધી મર્યાદિત નથી, પરંતુ આખા શિક્ષણતંત્ર પર સવાલ ઉઠાવે છે. શું આવી ઘટનાઓ અન્ય શાળાઓમાં પણ બની રહી છે આ ઘટના બાદ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓએ શાળામાં ચાલી રહેલા કથિત અનિયમિતતાઓ અંગે તપાસ કરવાની માંગ કરી છે.

#### ભાડૂત પાસેથી જબરદસ્તી દુકાન ખાલી કરવાની ઘટના સામે આવી

# રાજકોટમાં વક્ફ બોર્ડના નામે જબરદસ્તી દુકાન ખાલી કરવાની ઘટના સામે આવી

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટના દાણાપીઠ વિસ્તારમાં વક્ફ બોર્ડના નામે મંગળવારે (૩૧ ડિસેમ્બર) ભાડૂત પાસેથી જબરદસ્તી દુકાન ખાલી કરવાની ઘટના સામે આવી હતી. સમગ્ર ઘટનામાં હવે પોલીસ દ્વારા પાંચ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. રાજકોટ એ ડિવિઝન પોલીસ મથકમાં ફારૂખ મુસાણી સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે પાંચ શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવાએ સમગ્ર વિશે ઘટના વિશે માહિતી આપતાં જણાવ્યું કે, મંગળવારે એ ડિવિઝનમાં ફરિયાદ મળી હતી કે, દાણાપીઠ મસ્જિદ છે, જેમાં ત્રણ દુકાન છે. લગભગ ૭૦ વર્ષથી અહીં હિન્દુ ભાડૂત ભાડાપેટે આ દુકાન ચલાવી રહ્યા હતાં. પરંતુ, મંગળવારે અચાનક અમુક શખસોએ આવીને વક્ફ બોર્ડનો ઓર્ડર બતાવ્યો. આ ઓર્ડર મુજબ તેઓએ કહ્યું કે, અમને આ દુકાનનો કબ્જો લેવાનો હુકમ આપવામાં આવ્યો છે. આ સિવાય અજાણ્યા શખસોએ દુકાનના તાળા તોડી સામાન પણ બહાર ફેંકી દીધો હતો. આ વિશે વધુ વાત કરતાં ડીસીપીએ જણાવ્યું કે, આ ઘટનામાં ધર્મનો હજુ સુધી કોઈ પ્રશ્ન સામે આવ્યો નથી. આ વક્ફ બોર્ડની મિલકત હતી અને હિન્દુ ભાડૂત હતાં તેમની પાસે દુકાન ખાલી કરવામાં આવી તે હકીકત છે. જેમાં વક્ફ બોર્ડે જણાવ્યું છે કે, નિયમાનુસાર કબ્જો મેળવવાનો હુકમ કરવાનો આવ્યો હતો. પરંતુ આરોપીઓએ નિયમોનું પાલન કર્યું નથી. સમગ્ર મુદ્દે પોલીસે નવ્વાબ મસ્જિદના ટ્રસ્ટી ફારૂખ મુસાણી સામે નામજોગ ફરિયાદ નોંધવામાં આવી છે. તેમજ અન્ય ૪ થી પાંચ અજાણ્યા શખસ સામે પણ ફરિયાદ નોંધવામાં આવી છે. આ સિવાય પોલીસે પોતાને મળેલાં વીડિયો આધારિત ચહેરાની ઓળખ કરી આ અજાણ્યા શખસ સામે કાર્યવાહી કરશે. પોલીસે ગેરકાયદેસર અપ્રવેશ, ગેરકાયદેસર મંડળી અને ગુનાહિત હસ્તક્ષેપની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે ભાડૂત હસમુખભાઈએ જણાવ્યું હતું કે, હું અમદાવાદ હતો ત્યારે એકાએક ૧૦થી વધુ લોકોનું ટોળું આવ્યું અને અમારી તાળા મરેલી દુકાનના તાળા તોડી અને સમાન બહાર ફેંકી દેવામાં આવ્યો હતો. અમે ૧૯૬૪ની સાલથી અહિંયા દુકાન ધરાવીએ છીએ એ છતાં કોઈપણ જાતની જાણ કર્યા વગર તેમણે આ પ્રકારનું પગલું લઈ લીધું.

### વડોદરામાં બિચ્છુગેંગ બાદ વધુ એક ગેંગ સામે GUJCTOC હેઠળ ગુનો નોંધાયા

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે બિચ્છુ ગેંગના અસલમ બોડીયાની ગેંગ ના ૨૬ સાગરીતો સામે ગુજસીટોક હેઠળ વડોદરામાં પ્રથમ ગુનો નોંધ્યા બાદ હવે કારેલીબાગના માથાભારે હુસેન સુન્ની અને તેની ગેંગના ૯ સભ્યો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ૮ જણાની અટકાયત કરતા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વડોદરામાં બિચ્છુ ગેંગ દ્વારા ખંડણી, હત્યા, ધાક ધમકી, મારામારી જેવા સંગઠિત ગુનાઓ આચારવામાં આવતા હોવાથી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ વર્ષ પહેલા અસલમ બોડિયો તેમજ તેના ૨૫ સાગરીતો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી અસલમ તેમજ નામચીન મુન્ના તરબૂચની લાખોની સંપત્તિ સીઝ કરી હતી.

## વિશેષ

#### પ્રાકૃતિક ખેતી દ્વારા આવક વધવાની સાથે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે : શૈલેષભાઈ પટેલ

# ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામના શૈલેષભાઈ પટેલે દોઢ હેકટરમાં સરગવાની ખેતીથી વર્ષે દહાડે છ લાખનું ઉત્પાદન મેળવ્યું




। (માહિતી) સુરત ।

સરગવો પૃથ્વી પરનું અદભૂત વિવિધ ઉપયોગી પર્ણપાતી ઝાડ છે. સરગવો એ મોરીએસી કૂળનું વિશ્વનું અગત્યનું વૃક્ષ છે, જે શાકભાજી વૃક્ષ' તરીકે દેશ અને દુનિયામાં ખ્યાતિ ધરાવે છે. ઉત્તમ પોષણ મૂલ્ય ધરાવતા સરગવાને ઔષધિય અને ઔદ્યોગિક ઉપયોગ સાથે ખેતીમાં એક રોકડીયા પાક તરીકે ટુંકા ગાળામાં વધારે આવક અને ઉત્પાદનના કારણે હવે સર્વત્ર લઈ શકાય છે. રાજ્યમાં પ્રાકૃતિક ખેતી માટે મિશન મોડમાં કાર્ય થઈ રહ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતી માટે અથાગ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામના ખેડૂત શૈલેષભાઈ શાંતિલાલ પટેલે સરગવાની ખેતીમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છે. વાત કરતા તેઓ કહે છે કે, પાંચ વર્ષ પહેલા દોઢ હેકટરમાં ૧૨ બાય ૮ના અંતરે સરગવાના ૧૫૦૦ રોપાઓનું વાવેતર કર્યું હતું. હું સમયંતારે ઘન જીવામૃત, જીવામૃત આપું છે. છેલ્લા વર્ષ દરમિયન ૬ લાખનું ઉત્પાદન મળ્યું હોવાનું અને સુરતની સરદાર માર્કેટમાં સરગવાનું વેચાણ સરળતાથી થતું હોવાનું તેઓ જણાવે છે. તેઓ કહે છે કે, ખેતીની દૃષ્ટિએ ઘણી સારી આવક આપતો આ પાક છે. ઓછી મહેનતે સરગવો ઉગાડી શકાતો હોવાથી આ ખેતી આર્થિક રીતે ઘણી પોષણક્ષમ છે. સરગવો ઝડપથી વૃદ્ધિ પામતો, અછત પ્રતિકારક (ઓછા પાણીએ થતો) અને વિવિધ વિસ્તાર અને ખેત પદ્ધતિમાં સહેલાઈથી અનુકૂળ આવતો પાક છે. પ્રાકૃતિક ખેતીથી આવક વધવાની સાથે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે એમ જણાવી શૈલેષભાઈ વધુમાં કહે છે કે, સરગવાના પાકમાં જીવાતોનું પ્રમાણ ઓછું હોય છે, પણ આંતરપાક લઈએ ત્યારે ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ રહે છે, જેને પ્રાકૃતિક દવાઓના છંટકાવથી નિયંત્રિત કરી શકાય છે. સુરત જિલ્લાના આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એન.જી.ગામીતે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે માસ્ટર ટ્રેનરો દ્વારા સમયાંતરે ગામે ગામ તાલીમ આપવામાં આવી રહી છે જેના પરિણામે ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. આગામી સમયમાં પણ વધુમાં વધુ ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેવા સક્રિય પ્રયાસો કરવામાં આવનાર હોવાની વિગતો આપી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### કાશ્મીરનું નામ થઈ શકે છે કશ્યપ : કેન્દ્રીય ગૃહમંત્રી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે 'J&K and Ladakh Through the Ages' પુસ્તકના વિમોચન અવસર પર કહ્યું કે, "કાશ્મીરનું નામ કશ્યપના નામથી બની શકે છે." તેમણે કહ્યું કે, "શંકરાચાર્યનો ઉલ્લેખ, સિલ્ક રુટ, હેમિષ મઠથી સાબિત થાય છે કે કાશ્મીરમાં જ ભારતની સંસ્કૃતિનો પાયો નંખાયો. સૂફી, બૌદ્ધ અને શૈવ મઠ સૌએ કાશ્મીરમાં ખૂબ જ સારી રીતે વિકાસ કર્યો." તેમણે કહ્યું કે, "કાશ્મીરી, ડોગરી, બાલ્ટી અને ઝંસ્કારી ભાષાને શાસનની સ્વીકૃતિ આપવામાં આવી. તેના માટે પીએમ મોદીનો આભાર. પીએમનો આગ્રહ હતો કે યૂટી બન્યા બાદ કાશ્મીરની નાનામાં નાની સ્થાનિક ભાષાને જીવંત રાખવામાં આવે. આ દેખાડે છે કે પીએમ કાશ્મીર વિશે કેટલું વિચારે છે." તેમણે કહ્યું કે, "કલમ ૩૭૦ અને ૩૫એ દેશને એક થતાં રોકવામાં અડચણ હતી. સંવિધાન સભામાં આ ધારાઓને લઈને બહુમત નહોતો. એટલા માટે તેને ટેમ્પરરી તે સમયે બનાવી, પણ આઝાદી બાદ આ કલંકિત અધ્યાયને મોદી સરકારે હટાવ્યો અને વિકાસનો રસ્તો મોદી સરકારે ખોલ્યો." તેમણે કહ્યું કે, "કલમ ૩૭૦એ જ કાશ્મીરમાં અલગાવવાદનાં બીજારોપણ યુવાનોમાં વાવ્યાં.

### BSF પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી કરાવી રહ્યું છે



। (એજન્સી) કોલકાતા, તા.૨ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્રીય દળો પર મોટો આરોપ લગાવ્યો છે. મમતા બેનર્જીએ આરોપ લગાવતાં કહ્યું કે સીમા સુરક્ષા દળ (BSF) રાજ્યને અસ્થિર કરવા માટે બાંગ્લાદેશના નાગરિકોને ઘૂસણખોરીની પરવાનગી આપી રહ્યું છે અને મહિલાઓ પર અત્યાચાર કરી રહ્યું છે.' મમતા બેનર્જીએ આને કેન્દ્ર સરકારની મોટી નાપાક યોજના ગણાવીને મોટો વિવાદ ઊભો કરી દીધો છે. પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે એટલે કે ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી થવાની છે અને સીએમ બેનર્જીના આ નિવેદન બાદ ચૂંટણીમાં ટીએમસી અને ભાજપ, બંને પાર્ટીઓની વચ્ચે આકરી ટક્કર જોવા મળી શકે છે. મમતા બેનર્જીનું આ નિવેદન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનના એક અઠવાડિયા બાદ આવ્યું છે. પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ કહ્યું, બીએસએફ બંગાળના જુદા-જુદા વિસ્તારોમાં ઘૂસણખોરીની પરવાનગી આપી રહ્યું છે અને મહિલાઓ પર અત્યાચાર કરી રહ્યું છે.

### ઈઝરાયેલ બાદ તાઈવાનમાં પણ ભારતીયોની જય-જય

# તાઈવાને કુશળ ભારતીયોને આકર્ષવા માટે નવો વિઝા પ્રોગામ રજૂ કર્યો છે

### ભારત અને તાઈવાન વચ્ચે થયેલા શ્રમ કરારથી તાઈવાનની વધતી જતી શ્રમિકોની માંગ પૂરી થશે

। (એજન્સી) તાઈવાન, તા.૨ ।

ભારત અને તાઈવાન વચ્ચે પ્રવાસી કામદારોને મોકલવા અંગે પર એક મહત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનાથી વિદેશી કામદારો માટે પૂર્વ એશિયાઈ દેશો પર તાઈવાનની નિર્ભરતામાં ઘણો ઘટાડો કરશે. તાઈવાનને દેશની વધતી જતી સરેરાશ વય સાથે તાલમેલ રાખવા અને તેની કાર્યક્ષમતાને વધારવા માટે મોટા પાયે વિદેશી કામદારોની જરૂર છે. તાઈવાન સેમિકન્ડક્ટર્સના ક્ષેત્રે પણ વૈશ્વિક લીડર બનવા માંગે છે, જેના માટે તેને મોટા પ્રમાણમાં કુશળ કારીગરોની છે. હાલમાં, તાઈવાનમાં લગભગ ૭૦૦,૦૦૦ પ્રવાસી કામદારો છે, જે મુખ્યત્વે વિયેતનામ, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડથી આવેલા છે. જેમાના મોટાભાગના ઉત્પાદન અને દેખરેખ રાખવાનુ કામ કરી રહ્યા છે. તાઈવાન અને ભારત વચ્ચે દિલ્હીમાં આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. તાઈવાને ભારતમાં દૂતાવાસ જેવી ઓફિસ ખોલી છે. તાઈવાન સરકાર આ કાર્યાલય દ્વારા ભારતન સાથે સંપર્કમાં રહે છે. જો કે, ભારત સાથે શ્રમ કરાર સંબંધિત વિગતો હજુ સાર્વજનિક કરવામાં આવી નથી. આ પગલું મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રક્શન અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં તાઈવાનની શ્રમની વધતી જતી માંગને રેખાંકિત કરે છે, જેને હવે તે ઘરેલુ સ્તર પર પહોંચી શકે તેમ નથી. સ્થાનિક રીતે પૂરી કરી શકશે નહીં. તાઈવાનના શ્રમ મંત્રાલય અનુસાર, ભારતીય શ્રમ સ્થિર, મહેનતુ અને સારી ગુણવત્તાવાળું માનવામાં આવે છે, જે સૂચવે છે કે ભારતીય કામદારોના આ એકીકરણની સકારાત્મક અસર પડશે. શરૂઆતમાં, નાના પાયે પાઈલટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે, અને તેની સફળતાના આધારે, વધુ ભારતીય કામદારોને તાઈવાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી શકે છે. જો કે, કામદારોની ચોક્કસ સંખ્યા જાહેર કરવામાં આવી નથી અને તે તાઈવાન દ્વારા નક્કી કરવામાં આવશે.

### ઓસ્ટ્રેલિયાથી મોટા સમાચાર સામે આવ્યા

# ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્મા આગામી પાંચમી ટેસ્ટ મેચ નહીં રમે

### ટીમમાં જસપ્રીત બુમરાહ કેપ્ટનશિપ કરતો જોવા મળી શકે છે

। (એજન્સી) સિડની, તા.૨ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) ની છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં યોજાવાની છે. સિડનીમાં યોજાનારી આ મેચ ભારતીય સમય અનુસાર સવારે ૫ વાગ્યે શરૂ થશે, જ્યારે ટોસ ૪:૩૦ વાગ્યે યોજાશે. પરંતુ ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્મા આ મેચમાં બહાર બેસી શકે છે. તેની જગ્યાએ જસપ્રીત બુમરાહ કેપ્ટનશિપ કરતો જોવા મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શુભમન ગિલ પ્લેઈંગ ૧૧માં વાપસી કરવા માટે તૈયાર છે. કેએલ રાહુલ યશસ્વી જયસ્વાલ સાથે ઈનિંગ્સની



શરૂઆત કરી શકે છે. ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્માને ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે આરામ આપવામાં આવી શકે છે. તેના સ્થાને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ શુક્રવારે સવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતે ટોસ મેદાનમાં શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે- રોહિતે કોચ ગૌતમ ગંભીર અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકરને પોતાના નિર્ણયની જાણકારી આપી છે. જેના માટે બંને સંમત થયા છે. તમને જણાવી દઈએ કે ઈજાના કારણે આકાશદીપ સિડની ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો ભાગ નહીં હોય. આકાશદીપની જગ્યાએ પ્રસિદ્ધ કૃષ્ણાને તક મળી છે. તે લાંબા સમય બાદ ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે. આ સિવાય કેએલ રાહુલ ઈનિંગની શરૂઆત કરશે. રોહિતની જગ્યાએ શુભમન ગિલની ટીમમાં વાપસી થઈ છે. ટીમ ઈન્ડિયા માટે સૌથી મોટી ચિંતા કેપ્ટન રોહિત શર્માનું ખરાબ ફોર્મ છે.





અભિનેતા અને ગાયક દિલજીત દોસાંઝએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત દરમિયાન સંગીત સહિત ઘણા વિષયો પર વાત કરી.

### ૨૮ આરોપી દોષી, ૨ મુક્ત

# કાસગંજના ચર્ચિત ચંદન ગુપ્તા હત્યાકાંડમાં NIA કોર્ટનો નિર્ણય આવ્યો

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

લખનૌ એનઆઈએ કોર્ટે કાસગંજના ચર્ચિત ચંદન ગુપ્તા હત્યાકાંડમાં નિર્ણય સંભળાવી દીધો છે. ચંદન હત્યાકાંડમાં ૨૮ આરોપી દોષી ઠેરવવામાં આવ્યા. બે આરોપીને મુક્ત કરવામાં આવ્યા. સજાના પ્રશ્ન પર સુનાવણી થવાની છે. શક્ય છે કે કોર્ટ સજા માટે કોઈ તારીખ આપી દે. ફરિયાદી પક્ષના વિશેષ વકીલના જણાવ્યા અનુસાર ૨૬ જાન્યુઆરી ૨૦૧૮એ કાસગંજમાં તિરંગા યાત્રા દરમિયાન થયેલા વિવાદમાં ચંદન ગુપ્તા ઉર્ફે અભિષેક ગુપ્તાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. ઘટનાનો રિપોર્ટ પિતા સુશીલ ગુપ્તાએ ૨૬/૨૭ જાન્યુઆરીની રાત્રે ૧૨:૧૭ વાગે કાસગંજ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર પ્રજાસત્તાક દિવસની તિરંગા યાત્રામાં ચંદન ઉર્ફે અભિષેક ગુપ્તા પોતાના ભાઈ વિવેક ગુપ્તા તથા અન્ય સાથીઓની સાથે સામેલ હતો. જુલૂસ જ્યારે ગર્લ્સ ઈન્ટર કોલેજના ગેટની સામે પહોંચ્યું ત્યારે હથિયારોથી સજ્જ આયોજનબદ્ધ રીતે પહેલેથી રાહ જોઈને બેસેલા સલીમ, વસીમ અને નસીમ તથા જાહિદ ઉર્ફે જગ્ગા, આસિફ કુરેશી ઉર્ફે હિટલર, અસલમ કુરૈશી, અસીમ કુરૈશી, નસીરુદ્દીન, અકરમ, તૌફીક, ખિલ્લન, શબાબ રાહત, મો. નવાબ મોહસિન, આસિફ જિમ વાલા, સાકિબ, બબલૂ, નીશૂ અને વાસિફ તથા અન્ય લોકોએ રસ્તો ઘેરીને રોકી લીધા તથા હાથથી તિરંગો છીનવીને જમીન પર ફેંકીને પાકિસ્તાન જિંદાબાદ અને હિન્દુસ્તાન મુર્દાબાદના સૂત્રોચ્ચાર કરતાં હથિયાર બતાવીને ધમકી આપી કે જો આ રોડથી નીકળવું છે તો પાકિસ્તાન જિંદાબાદ કહેવું પડશે. કોર્ટને એ પણ જણાવવામાં આવ્યું કે જ્યારે ચંદન અને અન્ય લોકોએ આનો વિરોધ કર્યો તો તમામ લોકોએ હત્યાના ઈરાદે પથ્થરમારો અને ફાયરિંગ કરવાનું શરૂ કરી દીધું. આરોપી સલીમે ચંદનને નિશાન બનાવીને ગોળી મારી દીધી. જેનાથી તે ગંભીરરીતે ઈજાગ્રસ્ત થઈ ગયો તથા આરોપીઓની ફાયરિંગથી અન્ય ઘણા લોકો પણ ઈજાગ્રસ્ત થયા. ચંદનને તેનો ભાઈ વિવેક પહેલા કાસગંજ પોલીસ સ્ટેશન લઈ ગયો પછી ત્યાંથી સારવાર માટે તેને જિલ્લા હોસ્પિટલ લઈ ગયો જ્યાં ડોક્ટરોએ ચંદનને મૃત જાહેર કરી દીધો. આ મામલાની સ્થાનિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી પરંતુ ઘટનાની ગંભીરતા અને રાષ્ટ્ર વિરોધી કૃત્યોને જોતાં આગળની તપાસ એનઆઈએને સોંપવામાં આવી હતી. એનઆઈએએ પહેલી ચાર્જશીટ ૨૬ એપ્રિલ ૨૦૧૮એ દાખલ કરી. જેમાં સલીમ, વસીમ, નસીમ, બબલૂ, નસરુદ્દીન, અકરમ, તૌફીક, મોહસિન, રાહત, સલમાન, આસિફ, નીશૂ, ખિલ્લન, વાસિફ, ઈમરાન, શમશાદ, જફર, શાકિવ ખાલિદ, ફૈજાન, ઈમરાન, સાકિર, અજીજુદ્દીન અને જાહિદ ઉર્ફે જગ્ગાને આરોપી બનાવવામાં આવ્યા. બીજી પૂરક ચાર્જ શીટમાં આસિફ કુરેશી ઉર્ફે હિટલર, અસીમ કુરૈશી, શવાવ, સાકિબ, અસલમ કુરૈશી, મુનાજિર અને આમિર રફીને આરોપી બનાવવામાં આવ્યા છે.

### સૌથી વધુ ભોગ બને છે વોટ્સએપ યુઝર્સ

# દેશમાં રોજ સરેરાશ રૂપિયા ૬૦ કરોડની સાયબર ચોરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ડિજિટાઈઝેશનના યુગમાં સાયબર ફ્રોડના કેસો પણ સતત વધી રહ્યા છે. ભારતમાં રોજનું રૂ. ૬૦ કરોડનું સાયબર ફ્રોડ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારત સહિત વિશ્વમાં આશરે ૮૫ લાખ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડ નોંધાયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, વોટ્સએપ બાદ ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ મારફત સૌથી વધુ ફ્રોડ થયા છે. આ ત્રણ એપ્સમાં કરોડો યુઝર્સ છે. જેના લીધે સાયબર ગુનેગાર સરળતાથી લોકોને ઉલ્લુ બનાવી ચૂનો લગાવી રહ્યો છે. વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રણ માસમાં વોટ્સએપ મારફત સાયબર ફ્રોડના સૌથી વધુ ૪૩૭૯૭ કેસ નોંધાયા હતા. ટેલિગ્રામ મારફત ૨૨૬૮૦ અને ઈન્સ્ટાગ્રામ મારફત ૧૯૮૦૦ ફરિયાદો નોંધાઈ હતી. સાયબર ગુનેગારો ગુગલ સર્વિસ પ્લેટફોર્મની મદદથી લોકોને શિકાર બનાવે છે. આ સ્કેમને પિગ બુચરિંગ સ્કેમ અથવા ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ તરીકે ઓળખાય છે. સોશિયલ મીડિયા મારફત મની લોન્ડરિંગ અને સાયબર સ્લેવરીના કેસો વધ્યા હતાં. બેરોજગાર યુવાનો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ અને જરૂરિયાતમંદોને ટાર્ગેટ બનાવવામાં આવે છે. સાયબર ગુનેગારો સ્પોન્સર્ડ ફેસબુક એડ મારફત દેશમાં ગેરકાયદે લોન આપનારી એપ્સ લોન્ચ કરી ફ્રોડ કરે છે. સમગ્ર વિશ્વમાં ઓનલાઈન બેંકિંગનો ટ્રેન્ડ



ઝડપથી વધ્યો છે. ભારતમાં પણ કોરોના મહામારી બાદ ઓનલાઈન પેમેન્ટમાં વધારો થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં મોટી સંખ્યામાં લોકોએ UPI પેમેન્ટ, કાર્ડ પેમેન્ટ, મોબાઈલ બેંકિંગ દ્વારા તેમના નાણાકીય વ્યવહારો પૂર્ણ કર્યા છે. ઓનલાઈન બેંકિંગની સાથે સાથે ઓનલાઈન છેતરપિંડીના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. દર વર્ષે લાખો લોકો આ પ્રકારની છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે. આવી સ્થિતિમાં, ઓનલાઈન છેતરપિંડીથી રક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. સાયબર છેતરપિંડીથી બચવા માટેનું પહેલું પગલું એ છે કે સાવધાન રહેવું. જો તમને કોઈ અજાણી વ્યક્તિ તરફથી ઈમેલ, સંદેશા અથવા કૉલ્સ પ્રાપ્ત થાય છે. તો સાવચેત રહો. તમારી પર્સનલ અને બેંકિંગ સંબંધિત માહિતી આપશો નહીં. આવી કોઈ વ્યક્તિ પર વિશ્વાસ ન કરો. હંમેશા મજબૂત પાસવર્ડ બનાવો. જો શક્ય હોય તો, યુઝર નેમ અને પાસવર્ડના આધારે ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (2FA)નો ઉપયોગ કરો. તમારા ઓનલાઈન એકાઉન્ટનો પાસવર્ડ નિયમિતપણે બદલો.

### ડો. મનસુખ માંડવિયાએ આંકડા રજૂ કર્યા

# છેલ્લા એક વર્ષમાં દેશમાં લગભગ ૪.૬ કરોડ નોકરીઓનું સર્જન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોંગ્રેસ સહિત તમામ વિપક્ષો સમયાંતરે બેરોજગારીને લઈને મોદી સરકારને ટોણા મારતા રહે છે. આનો જવાબ આપવા માટે કેન્દ્રીય શ્રમ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગુરુવારે જ્યારે આંકડા રજૂ કર્યા તો સૌની આંખો પહોળી રહી ગઈ. માંડવિયાએ કહ્યું કે દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં રોજગાર ૩૬ ટકા વધીને ૨૦૨૩-૨૪માં ૬૪.૩૩ કરોડ થયો છે, જે ૨૦૧૪-૧૫માં ૪૭.૧૫ કરોડ હતો. આ NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) સરકારના કાર્યકાળ દરમિયાન રોજગાર નિર્માણમાં સુધારો દર્શાવે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતૃત્વવાળી UPA (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) સરકાર હેઠળ, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે રોજગારમાં લગભગ ૭ ટકાનો વધારો થયો છે. UPA સરકાર દરમિયાન, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે માત્ર ૨.૯ કરોડ વધારાની નોકરીઓનું સર્જન થયું હતું, જ્યારે નરેન્દ્ર મોદી સરકારના શાસનમાં, ૨૦૧૪-૨૪ વચ્ચે ૧૭.૧૯ કરોડ નોકરીઓ ઉમેરવામાં આવી હતી. આ લગભગ ૬ ગણો વધારો દર્શાવે છે. એક વર્ષમાં ૪.૬ કરોડ નોકરીઓ મંત્રીએ કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં (૨૦૨૩-૨૪) દેશમાં લગભગ ૪.૬ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. કૃષિ ક્ષેત્ર વિશે, તેમણે કહ્યું કે UPAના કાર્યકાળ દરમિયાન, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે રોજગારમાં ૧૬ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે



NDAના કાર્યકાળમાં, ૨૦૧૪થી ૨૦૨૩ વચ્ચે તેમાં ૧૯ ટકાનો વધારો થયો હતો. UPAના કાર્યકાળ દરમિયાન, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારમાં માત્ર ૬ ટકાનો વધારો થયો હતો, જ્યારે દ્દ્ઢછના કાર્યકાળ દરમિયાન તે ૨૦૧૪-૨૦૨૩ વચ્ચે ૧૫ ટકા વધ્યો હતો. સર્વિસ સેક્ટરે મજબૂતી બતાવી તેમણે કહ્યું કે UPAના કાર્યકાળ દરમિયાન, ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે સેવા ક્ષેત્રમાં રોજગારમાં ૨૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે મોદીના કાર્યકાળ દરમિયાન, ૨૦૧૪થી ૨૦૨૩ વચ્ચે તેમાં ૩૬ ટકાનો વધારો થયો હતો. આ રીતે, બેરોજગારીનો દર ૨૦૨૩-૨૪માં ઘટીને ૩.૨ ટકા પર આવી ગયો, જે ૨૦૧૭-૧૮માં ૬ ટકા હતો. તે જ સમયે, રોજગાર દર એટલે કે કાર્યકારી વસ્તીનો ગુણોત્તર ૨૦૨૩-૨૪માં વધીને ૫૮.૨ ટકા થયો, જે ૨૦૧૭-૧૮માં ૪૬.૮ ટકા હતો. શ્રમબળ ઝડપથી વધ્યું માંડવિયાએ કહ્યું કે શ્રમ દળ સહભાગિતા દર (LFPR) ૨૦૨૩-૨૪માં વધીને ૬૦.૧ ટકા થયો જે ૨૦૧૭-૧૮માં ૪૯.૮ ટકા હતો.

### દર ૧૨ દિવસમાં સ્કેન કરશે એક-એક ઇંચ જમીન

# નવા વર્ષમાં ભારત લોન્ચ કરશે વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઇટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) નવા વર્ષમાં વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેને ISRO અને NASA દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ સેટેલાઈટ માર્ચમાં લોન્ચ થઈ શકે છે. તેની કિંમત ૧૨,૫૦૫ કરોડ રૂપિયા છે અને તે અત્યાર સુધીનો વિશ્વનો સૌથી મોંઘો ઉપગ્રહ હોવાનું કહેવાય છે. આ ઉપગ્રહ દર ૧૨ દિવસે પૃથ્વીની એક-એક ઈંચ જમીનને સ્કેન કરશે. આ સેટેલાઈટ ઈકોસિસ્ટમમાં ગડબડ અને સમગ્ર વિશ્વમાં બદલાઈ રહેલા હવામાનનું અવલોકન કરશે. એટલે કે તેની મદદથી પૃથ્વી પર આવનારી કુદરતી આફતોની ઘણી હદ સુધી અગાઉથી આગાહી કરી શકાશે. આ સેટેલાઈટનું



નામ નાસા ઈસરો સિન્થેટિક એપરચર રડાર (NISAR) રાખવામાં આવ્યું છે. તેનું વજન ૨,૬૦૦ કિગ્રા છે. NASA અને ISRO એ સપ્ટેમ્બર ૨૦૧૪માં NISAR મિશન પર સહયોગ કરવા અને આને લોન્ચ કરવા માટે એક ભાગીદારી કરી હતી. આ મિશનને વર્ષ ૨૦૨૪માં લોન્ચ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ કોરોના રોગચાળાને કારણે તેમાં વિલંબ થયો. નાસા આ મિશન માટે એલ-બેન્ડ સિન્થેટીક એપરચર રડાર, વિજ્ઞાન ડેટા માટે એક હાઈ રેટ કોમ્યુનિકેશન સબસિસ્ટમ, GPS રિસીવર, એક સોલિડ-સ્ટેટ રેકોર્ડર અને પેલોડ ડેટા સબસિસ્ટમ પ્રદાન કરી રહ્યું છે. એ જ રીતે, ISRO આ મિશન માટે અવકાશયાન, એસ-બેન્ડ રડાર, લોન્ચ વાહન અને સંબંધિત લોન્ચ સેવાઓ પ્રદાન કરી રહ્યું છે. આ સેટેલાઈટની કિંમત $1.5 બિલિયન હોવાનો અંદાજ છે, જે તેને વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ બનાવે છે. તે ૫ થી ૧૦ મીટરના રિઝોલ્યુશન પર મહિનામાં બે કરતા વધુ વખત પૃથ્વીની જમીન અને બરફને અદ્યતન રડાર ઈમેજિંગનો ઉપયોગ કરીને મેપ કરશે. તે ધરતી, સમુદ્ર અને બરફની સપાટીને પણ મેપ કરશે અને નાનામાં નાની ગતિવિધિને પણ કેપ્ચર કરશે.

### હાઈકોર્ટે કહ્યું દરરોજ ૪ કલાક બરબાદ ન કરો!

# પ્રેમ લગ્ન કરવા ઘરેથી ભાગી જતાં છોકરા-છોકરીઓ માટે હાઈકોર્ટે આપ્યો મોટો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

જસ્ટિસ સંદીપ મગદિલની બેન્ચે કહ્યું કે, "આ પોલીસ અને પ્રશાસનની જવાબદારી છે કે તેઓ કપલને શેલ્ટર અથવા જરૂરી સુરક્ષા આપે." કોર્ટે કહ્યું કે, "પોલીસે આવા કેસમાં તાત્કાલિક એક્શન લેવી જોઈએ. કોર્ટ તો છેલ્લો વિકલ્પ છે. ત્યાં ત્યારે આવવું જોઈએ, જ્યારે ક્યાંય પણ કોઈ સુનાવણી ન થાય." જસ્ટિસ મુગ્દિલે કહ્યું કે, "સંવૈધાનિક કોર્ટનું તો કામ છે કે તેઓ નાગરિકોને સુરક્ષા આપે. તેઓ જ્યારે પણ ખતરામાં હોય તો તેમની સુરક્ષા માટે હાજર રહે. પણ દરરોજ આવા કેસ મોટી સંખ્યામાં કોર્ટમાં પહોંચે તે જ સારી બાબત નથી. તેમાં કોર્ટનો ૪ કલાક જેવો સમય વેડફાઈ જાય છે. એટલા માટે અમે એક મિકેનિઝમ તૈયાર કરીએ છીએ, જેના આધાર પર પોલીસ એક્શન લઈ શકે છે." તેમણે કહ્યું કે, "આવા કેસમાં પહેલા એક્શન પોલીસ અને પ્રશાસન તરફથી થવી જોઈએ. આ ત્યારે થાય, જ્યારે તેમને કોઈ પણ ખતરાની સૂચના મળે. પણ જો આવા કેસ કોર્ટમાં આવે તો સમયનો બગાડ થાય છે. પહેલાથી કોર્ટ પર આટલા કેસોનું ભારણ છે, ત્યારે આવા સમયે એક મિકેનિઝમ અંતર્ગત કામ થવું જોઈએ." બેન્ચે કહ્યું કે, "આવા કેસના નિવારણ માટે દરેક જિલ્લાના મુખ્યાલયમાં એક નોડલ અધિકારીની તૈનાતી થવી જોઈએ. આ અધિકારી ASIથી નીચેની રેન્કના ન હોવા જોઈએ. આ આદેશ હરિયાણા, પંજાબ અને ચંદીગઢ માટે લાગુ થાય છે. બેન્ચે કહ્યું કે, જો નિયમનું પાલન કરવામાં આવશે તો કોર્ટનો દરરોજ ૪ કલાક જેવો સમય બચી જશે." બેન્ચે કહ્યું કે, "અમારી પાસે હાલમાં જૂના કેસોનું નિવારણ લાવવામાં સુવિધા રહેશે. જે લાંબા સમયથી પેન્ડિંગ છે."

જસ્ટિસ મુગ્દિલે કહ્યું કે, "સંવિધાનના આર્ટિકલ ૨૧ કોઈ પણ વ્યક્તિની જીવન અને વ્યક્તિગત આઝાદી આપે છે. ત્યારે આવા સમયે જો તે પ્રેમ લગ્ન કરવા અથવા તેનો નિર્ણય કરવાના કારણે તેમના જીવને ખતરો થાય તો પ્રશાસનની આ જવાબદારી છે કે, સંબંધિત લોકોને સુરક્ષા આપવામાં આવે."

## તંત્રી લેખ...

# USના નાણા મંત્રાલય પર ચીની હેકર્સ ત્રાટક્યા

ચીની સાયબર હેકર્સ અમેરિકાના નાણા મંત્રાલયની કોમ્પ્યુટર સિસ્ટમ પર ત્રાટક્યા હતાં તથા મંત્રાલયના કેટલાંક વર્કસ્ટેશન અને ગુપ્ત દસ્તાવેજનો દૂરથી એક્સેસ મેળવ્યો હતો. થર્ડ પાર્ટી સોફ્ટવેર સર્વિસ પ્રોવાઈડરની સિક્યોરિટી સિસ્ટમને ભેદીને આ સાયબર હુમલો થયો હતો. નાણા મંત્રાલયે સંસદની બેન્કિંગ કમિટીના નેતાઓને લખેલા પત્રમાં આ ખુલાસો કર્યો હતો. મંત્રાલયે કેટલા વર્કસ્ટેશનનોનો એક્સેસ મેળવ્યો હતો અને કેવા પ્રકારના દસ્તાવેજો તફડંચી કરી હતી તેની વિગતો આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે સાયબર હેકર્સે ટ્રેઝરીની માહિતીનો સતત એક્સેસ કર્યા હોવાના હાલમાં કોઈ પુરાવા નથી. આ ઘટનાની મોટી સાયબર સિક્યોરિટી ઘટના તરીકે તપાસ ચાલુ કરાઈ છે. મંત્રાલયના પ્રવક્તાએ એક અલગ નિવેદનમાં જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષોમા મંત્રાલયે તેની સાયબર સિક્યોરિટીને મજબૂત બનાવી છે અને અમે અમારી નાણાકીય સિસ્ટમને જોખમી પરિબળોથી બચાવવા માટે ખાનગી અને જાહેર ક્ષેત્ર એમ બંને ભાગીદારો સાથે કામ કરવાનું ચાલુ રાખીશું.આ મુદ્દે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પુરાવાનો અભાવ છે તેવા પાયાવિહોણા આરોપો અંગે અમે વારંવાર અમારૂ વલણ સ્પષ્ટ કર્યું છે. ચીન તમામ પ્રકારના હેકિંગનો હંમેશા વિરોધ કરે છે અને અમે રાજકીય ઈરાદા સાથે ચીન વિરુદ્ધની ખોટી માહિતીનો જોરદાર વિરોધ કરીએ છીએ. અમેરિકાના અધિકારીઓ સોલ્ટ ટાયફૂન તરીકે ઓળખાતા ચાઈનીઝ સાયબર જાસૂસી અભિયાનનો સામનો કરી રહ્યાં છે ત્યારે આ ઘટના બની છે. ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે તેને તાજેતરની સમસ્યા વિશે ૮ ડિસેમ્બરો જાણ થઈ હતી. તે સમયે થર્ડ પાર્ટી સોફ્ટવેર સર્વિસ પ્રોવાઈડર બિયોન્ડટ્રસ્ટએ માહિતી આપી હતી કે હેકર્સે ક્લાઉડ બેસ્ડ સર્વિસની સુરક્ષિત રાખવા વપરાતી કીની ચોરી કરી છે.

# પૂર્વ પ્રધાનમંત્રીના અંતિમ સંસ્કાર અને સ્મારકના બેવડા માપદંડ અંગે ઘેરાઇ ખુદ કોંગ્રેસ

અગાઉ પૂર્વ પ્રધાનમંત્રી પી.વી.નરસિમ્હારાવ અને હવે તાજેતરમાં પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહના અંતિમ સંસ્કાર તેમજ તેમના સ્મારક અંગે કટુતાભરી રાજનીતિ કોંગ્રેસ પરિવાર, ખાસ કરીને નેહરુ-ગાંધી પરિવારે શરુ કરી હતી, તે ખૂબ શરમજનક અને ભારતીય રાજનીતિ પર કાળા ધબ્બારૂપ છે. જેના કારણે દેશનો સત્તા પક્ષ, વિપક્ષ અને જનમાનસે પણ શરમ અનુભવી છે. વાસ્તવમાં કોંગ્રેસ અને વિપક્ષના અનેક નેતાઓ ઈચ્છતા હતા કે ડો.મનમોહન સિંહના અંતિમ સંસ્કાર રાજઘાટની નજીક કરવામાં આવે અને ત્યાં તેઓનું સમાધિ સ્થળ પણ બનાવવામાં આવે. જયારે કેન્દ્ર સરકારે ડો.મનમોહન સિંહના અંતિમ સંસ્કાર નિગમબોધ ઘાટ પર કરવાનો નિર્ણય લીધો અને બાદમાં તેમનું સ્મારક બનાવવાની વાત કરી. આ મુદ્દે પર રાજનીતિ શરુ થઈ ગઈ. જો કે આ મુદ્દે અત્યાર સુધી થયેલ રાજનૈતિક વાર-પ્રહારમાં ભાજપથી વધુ કોંગ્રેસ ઘેરાઈ ચૂકી છે. કારણ કે હવે અરીસો સ્પષ્ટ નજરે પડી રહ્યો છે કે પ્રધાનમંત્રીઓના અંતિમ સંસ્કાર અને સ્મારક માટે ખુદ કોંગ્રેસના નેતૃત્વવાળી મનમોહન સરકારે જ બેવડા માપદંડ અપનાવ્યા હતા. હવે તે આ મુદ્દે નાહક ભાજપને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. કદાચ ફેબ્રુ. ૨૦૨૫માં યોજાનાર દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં તેનો ભાવનાત્મક લાભ ખાટવાનો પણ પ્રયાસ હોઈ શકે. ત્યારે સવાલ એ છે કે શું નહેરુ-ગાંધી પરિવારના ઈશારા પર ભારત સરકાર નિર્ણય લેશે કે કોઈ સ્વસ્થ પરંપરા શરુ કરાશે. આ મુદ્દે રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિમાં પણ કોઈ ભેદ ન હોવો જોઈએ. કારણ કે ઉપરાષ્ટ્રપતિ રાજયસભાના સભાપતિ પણ હોય છે. કહેવાય છે કે, રાજઘાટ પર સ્મારક માટે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, નાયબ પ્રધાનમંત્રી અને વિશિષ્ટ યોગદાન દેનાર લોકોની ચર્ચાઓ તો છે પરંતુ તેમાં નાયબ રાષ્ટ્રપતિના પદનો સમાવેશ ન કરાયાની વાત નવાઈ પમાડે છે. પ્રશ્ન એ છે કે પૂર્વ પ્રધાનમંત્રી પી.વી.નરસિમ્હારાવને મરણોપરાંત સમુચિત પાર્ટીગત સમ્માન અને સ્મારક હેતુ દિલ્હીમાં સ્થાન ન આપનાર દોષિત કોંગ્રેસ પરિવાર હવે કયા મોઢેં પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહ માટે મરણોપરાંત અંત્યેષ્ટિ અને સ્મારક માટે રાજઘાટ, દિલ્હીમાં સ્થાનની માંગણી કરી રહી છે અને તે ન આપવાનો આરોપ ભાજપ પરિવાર પર લગાવવામાં આવ્યો છે, જયારે એનડીએના નેતૃત્વવાળી મોદી સરકારની કોઈ નકારાત્મક ઈચ્છા ન હોવાનું જોવા મળ્યું છે. આ બાબતે થયેલ સરકારી પત્રવ્યવહાર અને નિવેદનબાજી પણ આ વાતની પુષ્ટિ કરે છે. ઉલ્લેખનીય છે કે, પોતાના જ પૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હારાવને મરણોપરાંત પાર્ટી સ્તરીય સમ્માન અને સ્મારક હેતુ દિલ્હીમાં સ્થાન ન આપવા માટે તત્કાલીન મનમોહન સરકાર દોષી હતી, હવે તે જ પૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિહના નિધન બાદ નિગમબોધ ઘાટ પર કરાયેલ તેમના અંતિમ સંસ્કાર અને સ્મારક માટે રાજઘાટ પર અપેક્ષિત જગ્યા ન આપ્યાનો આરોપ ઉભો કરીને કોંગ્રેસ દ્વારા ભાજપના રાજગ ગઠબંધનની મોદી સરકારને દોષિત ઠેરવવાનો પ્રયાસ કરી રહી છે. સત્તાકીય રાજનીતિની હદ તો એ છે કે કોંગ્રેસે તેને અલ્પસંખ્યક પંજાબી સમુદાય વિરોધી કૃત્ય ગણાવીને મનમોહન સિંહનું અપમાન થયાનું કહી રહી છે, જે સત્ય નથી. આ મુદ્દાનું રાજનીતિકરણ કરતા અગાઉ કોંગ્રેસે પોતાની અંદર ઝાંખીને જોવાની જરુર છે. તેણે જ પોતાના પૂર્વ પ્રધાનમંત્રી પીવી નરસિંહ રાવ સાથે કરેલ વ્યવહાર ભાગ્યે જ જોવા મળે છે. નવાઈની વાત એ પણ છે કે કોંગ્રેસ દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણી નજીક હોવાથી સમગ્ર ઘટનાક્રમને શીખોના ભાવનાત્મક રુપથી જોડવાનો પ્રયાસ કરી રહી છે અને નિગમ બોધ ઘાટ પર ડો.મનમોહન સિંહના અંતિમ સંસ્કારને શીખોનું અપમાન બતાવાયું છે. પરંતુ આ મુદ્દે કોઈ રાજકીય લાભ મળી શકવાનો નથી. કારણ કે દિલ્હીના સરદાર સમુદાય ૧૯૮૪ના શીખ વિરોધ રમખાણોને ભૂલ્યા નથી. તેની ભરપાઈ કરવા માટે ડો.મનમોહનસિંહને પ્રધાનમંત્રી સુદ્ધાં બનાવ્યા. પરંતુ પંજાબી સમુદાયના લોકપ્રિય નેતાના રુપમાં તેઓ પોતાની છબી ઉપસાવી ન શકયા. કારણ કે કોંગ્રેસના આકાઓએ તેમને કયારેય ફ્રી હેન્ડ થવા ન દીધા. હવે સ્થિતિ એ પણ જોવા મળી રહી છે કે, આ મુદ્દા પર કોંગ્રેસને આપ અને અકાલી દળ શિરોમણીના નેતાઓનો સાથ મળ્યો છે. જેનું દિલ્હીથી પંજાબની સત્તા પર વર્ચસ્વ છે.

**સુખ દુઃખ તો મોટેભાગે આપણા મનની નીપજ છે! એટલે આ મળ્યું આ ન મળ્યું! અથવા પેલાં ને કેટલું સારું મળ્યું!**

# હર ઘડી બદલ રહી હૈં રૂપ જીંદગી... એ સત્ય સ્વીકારે એનું જ જીવન સરળ બને છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કવિ એકદમ રોમેન્ટિક અંદાજમાં કહે છે કે પલક જેટલો નાજુક સાયો લઈને જો કોઈ પાસે આવે! ત્યારે દિલને લાખ સમજાવવા છતાં એ એની તરફનાં ઝુકાવ ને કારણે દિલ ધડકી જાય છે. વિચારી લ્યો કે સમયની દાસ્તાન કાલે હોય કે નહોય. કારણકે હર ઘડી અહીં જીંદગી રુપ બદલાઈ જાય છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલ પહેલાં ૨૦૨૪ની સાલ હતી, અને હવે ૨૦૨૫, પછી ૨૦૨૬ આમ એક જશે અને એક આવશે! બસ અ જ છે જીંદગીની વાસ્તવિકતા. ઘડીના છઠ્ઠા ભાગમાં તો સાલ બદલાઈ ગઈ! એવું લાગે છે નહીં! ઘણું બધું બદલાઈ ગયું અને ઘણું ચૂકાઈ ગયું! પણ એક વસ્તુ નથી બદલાઈ, અને એ છે આપણાં સૌને અંતર મનથી જોડતી ચિંતનની આ ધારા! એનો ગઈકાલે પણ આ જ હેતું હતો, અને આજે પણ એ જ છે! કે લોકો પોતાના બચેલા સમયનો સદુપયોગ કરી અને મનુષ્ય જન્મને સફળ બનાવે! પણ સફળતાનાં અર્થો હવે બદલાઈ ગયાં છે, કમાણી વધું એ વધુ સફળ! અને એને કારણે માનવી સતત સ્પર્ધા અને એમાં સફળ થવા સંઘર્ષમાં જીવે છે. હકીકતમાં એ આવી દુનિયાદારી છોડી દે ! એટલે કે ના હો આમ તો કરવું જ પડશે! નહીં તો હું ફેંકાઈ જઈશ! મારું સામાજિક સ્ટેટ્સ ખરાબ થઈ જશે! એવાં વિચાર ને છોડી ગાડરિયા પ્રવાહમાંથી બહાર આવવામા સફળ બને. પણ આ ત્યારે જ શક્ય બને જ્યારે આપણને એમ થાય કે આપણે જે જીવી રહ્યા છીએ, એ બરોબર નથી! કહેવાતા સંબંધો કે વ્યવહાર માટે મારે બલિ ચડવું નથી, હું સમયનો પૂરો પૂરો ઉપયોગ કરીશ ! અથવા તો મને આત્મ સંતોષ થાય એમ જીવીશ, કારણ કે સમય ક્યારેય આપણી માટે રોકાતો નથી. બાકી સુખ દુઃખ તો મોટેભાગે આપણા મનની નીપજ છે! એટલે આ મળ્યું આ ન મળ્યું! અથવા પેલાં ને કેટલું સારું મળ્યું! અથવા એણે આવું કહ્યું, કે એણે મારો આભાર માન્યો જ નહીં! મારો સમય આવો છે! મારા પરિચિત બીજાં બે ચાર તો ૨૦૨૪મા ચાલ્યા ગયા, એની બદલે મને હજી વધુ સમય મળ્યો! એ વિચાર જીંદગીમાં સકારાત્મક કે સંતોષ વધારવા માટે જરૂરી છે. આવા જ એક સકારાત્મક અભિગમ વાળું ગીત તરાને કી તર્જ માં ચિંતન કરીશું.

**હર ઘડી બદલ રહી હૈં રુપ જીંદગી,**
**છાંવ હૈં કભી કભી હૈ ધૂપ જીંદગી.**
**હર પલ યહાં જી ભર જીયો,**
**જો હૈં સમા.. કલ હો ના હો ..**

કવિ કહે છે કે અહીં હરપળ દરેકની જીંદગી બદલાય છે! કોઈ ને જીંદગીમાં છાંયડો હોય છે અને કોઈ ને તડકો હોય છે, એટલે કે કોઈની આર્થિક સ્થિતિ સારી હોય છે અને એને કારણે એ સુખ નો અનુભવ કરે છે, જ્યારે કોઈ ને અર્થ ઉપાર્જન માટે સતત સંઘર્ષ કરવો



પડે છે એટલે કે જીંદગી તાપ જેમ તપે છે. એટલે હરપળ ને જી ભરીને જીવી લેવી કારણ કે આજન જે સમા છે એ આવતીકાલે ન પણ હોય!

**ચાહે જો તુમ્હે પૂરે દિલ સે,**
**મિલતા હૈં વો મુશ્કિલ સે,**
**એસા જો કોઈ કહીં હૈં,**
**બસ વો હી સબસે હંસી હૈં.**

કવિ આગળ કહે છે કે આ દુનિયામાં એને પૂરાં દિલથી પ્રેમ છે એવું બહું મુશ્કેલી થી મળે છે! અને જો કોઈ એવું મળી જાય, તો તો એની સાથે વિતાવેલી સૌથી હસીન પલ છે!

**ઉસ હાથ કો થામ લો,**
**વો મેહરબાન કલ હો ના હો,**
**હર પલ યહાં.. જી ભર જીયો,**
**જો હૈં સમા કલ હો ના હો.**

એ હાથને પકડી લ્યો! પછી કુદરતની આવી મેહેરબાની થાય કે ન પણ થાય ! એટલે જે મળ્યું છે અથવા જે છે એને જી ભરીને જીવી લ્યો! આ સમા એટલે આવો સમય કદાચ કાલે ન પણ હોય..

**પલકોં કે લે કે સાયે,**
**પાસ કોઈ જો આયે,**
**લાખ સંભાલો પાગલ દિલ કો,**
**દિલ ધડકે કી હી જાયેં,**
**પર સોચ લો ઈસ પલ હૈં જો,**
**વો દાસ્તાન કલ હો ના હો.**
**હર ઘડી બદલ રહી હૈં રુપ જીંદગી..**

કવિ એકદમ રોમેન્ટિક અંદાજમાં કહે છે કે પલક જેટલો નાજુક સાયો લઈને જો કોઈ પાસે આવે! ત્યારે દિલને લાખ સમજાવવા છતાં એ એની તરફનાં ઝુકાવ ને કારણે દિલ ધડકી જાય છે. વિચારી લ્યો કે સમયની દાસ્તાન કાલે હોય કે નહોય. કારણકે હર ઘડી અહીં જીંદગી રુપ બદલાઈ જાય છે.

૨૦૦૩ મા બનેલી ફિલ્મ ''કલ હો ના હો'' નાં આ ગીતનાં શબ્દો જાવેદ અખ્તર સાહેબના છે, સંગીત શંકર અહેસાન લોય નું છે અને ગાયક સોનુ નિગમ છે. નિખિલ અડવાણી અને કરણ જોહર ની આ ફિલ્મમાં શાહરૂખ ખાન પ્રિતી ઝિન્ટા સેફ અલી ખાન જયા બચ્ચન સુષ્મા શેઠ રીમા લાગુ જેવા કલાકારોથી અભિનિત છે. ફિલ્મમાં અંતમાં હિરો એટલે શાહરૂખ ખાનનું મૃત્યુ થાય છે! અને શાહરૂખ ખાન પ્રિતી ઝિન્ટાને પોતે બચવાનો નથી, ત્યારે બદલાતી જીંદગીના આ રૂપને સ્વાભાવિક સ્વીકાર કરીને જીવવાની સલાહ આપે છે અને કહે છે કે કાલે કદાચ આ સમા ન પણ હોય! ફિલ્મની કહાની ભૂલીને વાસ્તવિકતા તરફ દ્રષ્ટિ કરીએ તો દરેકના જીવનમાં સમય ફક્ત ઋતુની રીતે જ બદલતો નથી, પણ દરેકની જીંદગીનાં રુપ પણ સમય અનુસાર બદલાઈ જાય છે! સ્થૂળ રીતે બાળક માંથી કિશોર, અને કિશોર માંથી યુવાન, અને એમ આગળ આગળ વૃદ્ધિ કરે છે. આંતર વ્યવહારમાં સંબંધો વચ્ચે પણ ઘણીવાર ખટરાગ ને કારણે જીંદગી આપણે ન ધારેલું સ્વરૂપ ધારણ કરે છે. ક્યારેક એવું થાય જન્મ ગર્ભ શ્રીમંત ઘરમાં થાય પણ પાછળથી ખાવાનાં ફાંફાં થતાં જોવા મળે! તો ઘણીવાર ઝૂંપડપટ્ટીમાં જન્મ થાય અને એકાએક શ્રીમંત બની જાય! નોકર ચાકર અને ગાડીઓની લાઈન એવો દબદબો પણ થાય! આ બધું તો હજી પ્રારબ્ધ અનુસાર હોય, પણ મૂળમાં મોટેભાગે આપણે જેટલી ફરિયાદ કરીએ છીએ એટલી ખરાબ જીંદગી હોતી નથી! કવિ ભલે રોમેન્ટિક અંદાજમાં કહે પણ આપણે એને જુદી રીતે જોઈએ તો, લાખ પ્રયત્ન કરવા છતાં આપણે આ સંસાર છોડી શકવાના નથી, અને સંબંધો ના સમીકરણ પણ આ જ રહેવાનાં છે! પતિ પત્ની પુત્ર પુત્રી પુત્રવધૂ કે પછી ભાઈ બહેન ભેરુ, આ બધા વચ્ચે જ આપણે આપણી ખુશી શોધવાની છે! કારણ કે કદાચ કાલે આટલું અનૂકુળ પણ ન્હોય! કોઈ આ ફાની દુનિયા છોડી ગયું હોય એટલે આ નથી ને! આવું કેમ? એ બધા કકળાટો છોડીને જે છે એ જ બેસ્ટ છે, અને ઈશ્વરે મારી માટે આ નિયત કર્યું છે! તો એને સહર્ષ સ્વીકારી જીવી લેવું એ ફિલસૂફી અપનાવી ને જીવનને માણી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ આ બધું ખોટું છે, હું જ એકસાચો છું, જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે**

# સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું, પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે, મનુષ્ય સત્કર્મનું ફળ ઇચ્છે તો એ ધર્મમાં કપટ છે, નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે, સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી, નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું.**

આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું રસ પાન કરી રહયા છીએ.ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગીતાજીમાં ભગવાન કહે છે કે,દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખ માં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એકસરખો જ આનંદ છે.શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ આ બધું ખોટું છે.હું જ એકસાચો છું.જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે,સત્યનું અમે ધ્યાન કરીએ છીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે.જગતના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે,અસત્ય છે,માયા છે,માત્રભાસ છે,તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્રમાંથી જાગ્યા પછી સ્વપ્ર જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે.ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી એ પોતે આનંદરૂપ છે.રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો.અંધારામાં પડેલું દોરડું સપ રૂપે ભાસે છે,પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે.તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે.તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠા ને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્મા એ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિપાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ એવા છે,મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ.ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી,સંસાર વહાલો છે.ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી,ભગવાન છે.ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે.ભગવાન કહે છે પોતાનું કામ મારા મારફત. વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે.સાચો વૈષ્ણવ તો કહેશે, મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપ ોને. રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે, આપવાવાળો જશે.ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છ. કહે છે મારે કાંઈ માગવું નથી.મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે.ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગેછે વૈષ્ણવો માને છે,મુક્તિએ તો મારા ભગવાનની દાસી છે,મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો.તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો. માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી.તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે.સુદામા માગવા આવ્યા નથી. દ્વારરિકાનાથનો તેમણે વૈભવ જોયો,પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળ છે. મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું?એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી. સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી, તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા,તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વભગવાન ને આપી દીધું.સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું.પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી.ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે. ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસાર ના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજી ને કહે છે,ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે?શ્રીકૃષ્ણનો ?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોર જી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગુજરાતમાં નવ મહાનગર પાલિકાનું સર્જન અને એક જિલ્લા બનાસકાંઠાના વિભાજન અંગે સર્વત્ર ચર્ચા થઈ રહી છે તો ઓગડ જિલ્લો નહીં બનતાં અને કાંકરેજ ધાનેરા તાલુકો વાવ થરાદ નવા જિલ્લામાં સમાવતા ઉગ્ર વિરોધ વંટોળ ઊભો થયો છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી ખુશ રહીએ તેવી આશા સહ અસ્તુ.

# મ્યૂઝિક ટીચર બનવા અગાઉ શીખેલું ભૂલવું પડ્યું: દિવ્યા

## ‘બંદિશ બેન્ડિટ્સ’માં મ્યુઝિક ટીચરનો રોલ કર્યો છે



દિવ્યા દત્તાની ગણતરી બોલિવૂડની એક બહુપ્રતિભાશાળી અને સજ્જ કલાકારમાં થાય છે. રોલ લાંબ હોય કે ટૂંકો પરંતુ એક સીનમાં પણ યાદગાર અભિનય આપવા માટે એ જાણીતી છે. ‘વીરઝારા’થી શરૂ કરીને ‘ભાગ મિલખા ભાગ’ હોય કે પછી ‘સ્પેશિયલ ઓપ્સ’ જેવી ઓટીટી સિરીઝ, તેના પાત્રો યાદગાર હોય છે. તાજેતરમાં આવેલી ‘બંદિશ બેન્ડિટ્સ’ સિરીઝની બીજી સીઝનમાં તેણે એક મ્યુઝિક ટીચરનો રોલ કર્યો છે. આ અંગે આપેલાં ઈન્ટરવ્યૂમાં દિવ્યાએ પડકારજનક રોલ માટેના તેના અભિગમ અને ફિલ્મોમાં મહિલાઓની છબિ અંગે વાત કરી હતી. ‘બંદિશ બેન્ડિટ્સ’માં પોતાના રોલ વિશે વાત કરતાં દિવ્યાએ જણાવ્યું, “એની પહેલી સીઝન બહુ જ સુંદર અને મજાની હતી. ભારતીય સંગીતને સમર્પિત આ વાર્તા આનંદ તિવારીએ બહુ સારી રીતે કહી હતી. મને એ બહુ ગમી હતી. તેથી એણે મને જ્યારે બીજી સીઝનમાં કામ કરવા માટે પૂછ્યું તો મેં તરત જ હા પડી દીધી. એણે મારો રોલ પણ બહુ સુંદર રીતે બનાવ્યો. મને લાગે છે કે શરૂઆતમાં આ રોલ કોઈ પુરુષ પાત્ર માટે લખાયો હતો, પરંતુ તેમને કોઈ અભિનેત્રીને એમાં લેવાની ઈચ્છા હતી. અમે યોગ્ય સમયે મળ્યા અને વાત કરી અને એ કામ કરી ગઈ. પરંતુ એક વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિક ટીચરના રોલ માટે મેં પહેલાં શીખેલું અને જાણેલું ઘણું ભૂલવું પડ્યું હતું પછી એક સંપૂર્ણ અલગ દુનિયામાં મેં ડૂબકી મારી. આ રોલ બહુ પડકારજનક અને મજાનો હતો.”જ્યારે ફિલ્મોમાં મહિલાઓની છબિ અને ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓના પ્રતિનિધિત્વ અંગે દિવ્યાએ જણાવ્યું, “જો મહિલાઓના પાત્રો અને છબિની વાત કરીએ તો ચોક્કસ એક પરિવર્તન આવ્યું છે. પરંતુ તમે કયા પ્રકારની સ્ટોરી કહો છો, તેના પર પણ આ વાતનો આધાર રહેલો છે, જો આપણે ઓટીટીની વાત કરીએ તો હવે ઘણા સારા પ્રયોગો થઈ રહ્યા છે. જેમકે, તમે લાપતા લેડીઝ જેવી ફિલ્મની વાત કરો કે પછી ઓલ યુ ઈમેજિન ઈઝ લાઈટ, તેમાં મહિલાઓ જ મુખ્ય પાત્રો છે અને આ પાત્રો બહુ સુંદરતાથી લખાયેલાં છે. મહિલાઓને હવે વધુ સારા અને અર્થસભર રોલ કરવા મળે છે.”





‘બંદિશ બેન્ડિટ્સ’માં પોતાના રોલ વિશે વાત કરતાં દિવ્યાએ જણાવ્યું, “એની પહેલી સીઝન બહુ જ સુંદર અને મજાની હતી

# કરણ-અર્જુનની નિષ્ફળતા પછી પણ ‘કહોના પ્યાર હે’ ફિલ્મ ફરી રિલીઝ કરવામાં આવશે

## ૧૪ જાન્યુઆરીએ રિતિકની ડેબ્યુ ફિલ્મ ‘કહોના પ્યાર હે’ના ૨૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે

રિતિક રોશન અને રાકેશ રોશને થોડાં વખત પહેલાં ‘કરણ-અર્જુન’ ફિલ્મ રી-રિલીઝ કરી હતી, જેમાં આગળ રિતિકના અવાજમાં વોઈસ ઓવર પણ ઉમેરાયો હતો, આ ફિલ્મ બિલકુલ ચાલી નહીં. છતાં પણ રિતિક રોશન અને રાકેશ રોશન ફરી આ જ પ્રકારની ભૂલ કરવા જઈ રહ્યા છે. ૧૪ જાન્યુઆરીએ રિતિકની ડેબ્યુ ફિલ્મ ‘કહોના પ્યાર હે’ના ૨૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે. ત્યારે આ ફિલ્મ ફરી રિલીઝ થશે. સાથે જ રિતિકનો ૫૧મો જન્મદિવસ પણ આ નિમિત્તે ઉજવવામાં આવશે. રિતિકનો જન્મ દિવસ ૧૦ જાન્યુઆરીએ આવે છે, આ સંદર્ભે ફિલ્મ રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મમાં રિતિકે ડબલ રોલ કર્યો હતો. એનો જન્મ જ જાણે ડાન્સ કરવા માટે થયો હતો. ફરાહ ખાને તેના ટેલેન્ટને ઓળખી લીધું અને તેને સ્ટેજ આપ્યું.જોકે, કેટલાંક લોકો માને છે કે આ ફિલ્મની હાલત ‘કરણ-અર્જુન’ જેવી નહીં થાય. કોનપ્લેક્સના મેનેજર કુમાર અભિષેકે કહ્યું કે ‘કહોના પ્યાર હે’માં સારુ ચાલવાની તક છે. તેમણે કહ્યું, ‘આજના દર્શકો માટે કરણ-અર્જુન મેલો ડ્રામેટિક ફિલ્મ છે. જ્યારે કહોના પ્યાર હે આજના ઓડિયન્સની પસંદ સાથે સેટ થાય છે. એ ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે.’ પોતાની ડેબ્યુ ફિલ્મની યાદો તાજી કરતા રિતિકે કહ્યું, “જ્યારે એક આત્મવિશ્વાસ વિનાના વ્યક્તિમાંથી લોકો ભગવાન બનાવી દે તેનાથી સારા સમાચારા શું હોય. મીડિયાએ મારી સાથે કહોના પ્યાર હે પછી આવું જ કર્યું. પછી મને ખેંચીને નીચે પાડવો એ અલગ જ ઘટના હતી. કોઈને ખબર નહોતી કે મારું ભવિષ્ય કેવું હશે. જો મારા નસીબમાં ૫૦ વર્ષ સુધી ટકી રહેવાનું લખ્યું હશે તો મને કોઈ રોકી શકશે નહીં.”આ વખતે રાકેશ રોશન ફિલ્મને ફરી રિલીઝ કરવા બાબતે વધુ કાળજી લઈ રહ્યા છે. તેમણે કહોના પ્યાર હે માટે હકારાત્મકતા વ્યક્ત કરતા કહ્યું, “એ ફિલ્મથી રિતિકે ડેબ્યુ કર્યું હતું. મને તેનું ખુબ ગૌરવ છે. ૨૫ વર્ષ વિતી ગયા. માનું છું કે દર્શકોની પસંદ બદલાઈ ગઈ છે, પરંતુ કેટલીક લાગણીઓ સમયાતીત નથી હોતી.”






## હૃતિક રોશન અને સબા આઝાદ લગ્ન કરી રહ્યા છે?

બોલિવૂડ સુપરસ્ટાર હૃતિક રોશન અને સંગીતકાર-અભિનેતા સબા આઝાદ ૨૦૨૨ ની શરૂઆતમાં પહેલીવાર સાથે જોવામાં આવ્યા ત્યારથી સમાચારમાં છે અને અટકળો શરૂ થઈ હતી કે બંને ટૂંક સમયમાં લગ્ન કરશે. અવારનવાર સહેલગાહ, કૌટુંબિક મેળાવડા અને રેડ કાર્પેટમાં હાજરી આપવાથી લોકો તેમની ભાવિ યોજનાઓ વિશે અનુમાન લગાવવા લાગ્યા છે. ૨૦૨૪ ના અંતમાં લગ્નની તમામ મીડિયાની ઉન્માદ, હૃતિક અને સબાને તેમના સુપર-પ્રાઈવેટ શેલને તોડવા માટે પ્રેર્યા નથી; તેઓ તેના બદલે તેમની સંબંધિત કારકિર્દી સાથે પકડ્યા છે. આ દરમિયાન, સોશિયલ મીડિયા આવા હેશટેગ્સ, અભિપ્રાયોથી ભરપૂર છે; આ એક હકીકત-આધારિત સંબંધ છે જે ખ્યાતનામ જીવનની તીવ્ર તપાસ માઈક્રોસ્કોપ હેઠળ વાસ્તવિક પ્રેમ લાવે છે. જો કે, હૃતિક અને સબા બંનેએ મોટાભાગે આ બાબતે વધુ વાત કરી નથી. જ્યારે હૃતિક તેના અંગત જીવન વિશે વધુ ખુલ્લું પાડતો નથી અને અનિવાર્યપણે તેનું અંગત જીવન પોતાની પાસે રાખે છે અને કેટલીકવાર તેને તેનું કામ કરવા દે છે, સબાએ અફવાઓની વાર્તાઓનો પ્રતિકાર કર્યો નથી પરંતુ માત્ર સંગીત અને અભિનય સાથે સચેત રહ્યો છે. ૨૦૨૩ ની શરૂઆતની મુલાકાતમાં, સબાએ કહ્યું કે મીડિયાના ઉન્માદને સમાપ્ત કરવાની જરૂર છે. “અમે જાણીએ છીએ કે જનતાને રસ છે. તેમની અભ્યાસક્રમની ચિંતા અને ઘૂસણખોરી વચ્ચે એક રેખા છે. હું ખુશ છું, અને આટલું જ મહત્વનું છે,” તેણીએ હૃતિકનો સીધો ઉલ્લેખ કર્યા વિના કહ્યું. વાસ્તવમાં, હૃતિક ઘણી વખત ગોપનીયતાના મુદ્દા વિશે પણ બોલ્યો છે. તેણે સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર પોસ્ટ કર્યું, “ક્યારેક, આપણે ફક્ત જીવવાની અને જીવવા દેવાની જરૂર છે.



### બોયફ્રેન્ડ આદિત્ય દુબે સાથે લીધા સાત ફેરા

# ટીવી સિરિયલ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ની સોનુ બની દુલ્હન

લોકપ્રિય ટીવી સિરિયલ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ની સોનુ હવે લગ્નના બંધનમાં બંધાઈ ગઈ છે. અભિનેત્રી ઝીલ મેહતાએ તેના બોયફ્રેન્ડ આદિત્ય દુબે સાથે લગ્ન કર્યા છે. આ કપલે ૨૮ ડિસેમ્બરના રોજ લગ્ન કર્યા હોવાના અહેવાલ છે.ઝીલે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તેના જયમાલા સમારોહની તસવીરો શેર કરી છે. ચાહકોને તળાવની તસવીરો ખૂબ જ પસંદ આવી છે. ઝીલે તેના લગ્નમાં લાલ રંગનો લહેંગા પહેર્યો હતો. આ ફોટોમાં કપલ ખૂબ જ સુંદર લાગી રહ્યું છે. લહેંગા પર ખૂબ જ સુંદર વર્ક કરવામાં આવ્યું છે. લહેંગા સાથે લુક કમ્પ્લીટ કરવા માટે હેવી કુંદન જ્વેલરી પહેરવામાં આવશે.આદિત્ય દુબેએ અભિનેત્રીને સફેદ શેરવાની અને પાઘડી પહેરાવી હતી કારણ કે તે તેની પત્નીને પાંખ પરથી નીચે જતા જોતો હતો જ્યારે ઝિલ તેના આંસુ લૂછતી હતી.ઝિલ લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી છે. આ લહેંગામાં ઝિલ ખૂબ જ સુંદર લાગી રહી છે. તેને બુરખામાં જોયા બાદ ફેન્સે તેના ખૂબ વખાણ કર્યા છે. ચાહકોએ લખ્યું- આ ક્ષણ જોઈને મને ગુસબમ્પ્સ આવી રહ્યા છે.આ કપલ છેલ્લા ૧૪ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યું છે. ઝીલે માત્ર તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં જ કામ કર્યું હતું, ત્યાર બાદ તેણે પોતાની જાતને એક્ટિંગથી દૂર કરી લીધી હતી. ઝિલ આ દિવસોમાં બિઝનેસ કરી રહી છે. તે સોશિયલ મીડિયા પર પણ આ વિશે માહિતી આપતી રહે છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સોનુ ભીડે એટલે કે ઝિલ મહેતાએ તેના લાંબા સમયના બોયફ્રેન્ડ શિવમ દુબે સાથે લગ્ન કરી લીધા છે. બ્રાઈડલ લુકમાં ઝિલ ખૂબ જ ક્યૂટ લાગી રહી છે. લગ્નના પોશાકમાં ઝિલ ખૂબ જ સુંદર લાગી રહી હતી. ઝીલ મહેતાએ ૨૮ ડિસેમ્બરે પોતાના બોયફ્રેન્ડ સાથે લગ્ન કર્યા હતા. તેણે લાલ રંગનો પોશાક પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. ઝિલ એટલી સુંદર દેખાતી હતી કે કોઈ તેના પરથી નજર હટાવી શકતું ન હતું. આ પ્રસંગે બંને ભાવુક જોવા મળ્યા હતા. ઝિલને દુલ્હનના પોશાકમાં જોઈને આદિત્ય ભાવુક થઈ ગયો હતો અને તેની આંખોમાંથી આંસુ આવી ગયા હતા. અભિનેત્રીએ પોતે લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. લોકો તેમના વીડિયો પર ઘણી કોમેન્ટ કરી રહ્યા છે. ચાહકો બંનેને અભિનંદન આપી રહ્યા છે. આ એક શાહી ઉજવણી હતી જેમાં ફક્ત કેટલાક ખાસ મિત્રો અને પરિવારના સભ્યો જ હાજર હતા. ઝીલના લગ્ન ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ થયા હતા. જો કે રિપોર્ટ્સનું માનીએ તો બંનેએ ૨૮ ડિસેમ્બરે લગ્ન કર્યા હતા. હાલમાં જ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે.



# ‘આમિર નાટકના દિવસોમાં પાણી પીવડાવતો અને બેકસ્ટેજ કરતો’

## આમિર ખાન અને શાહરૂખ ખાનના જૂના દિવસોની વાતો કરી હતી



સુજાતા મહેતા રંગભૂમિ, ફિલ્મો અને ટીવીના જાણીતા અભિનેત્રી છે. તેઓ નાના પાટેકર સાથે ‘પ્રતિઘાત’ જેવી ફિલ્મ અને ‘યતીમ’ અને ‘કંવરલાલ’ જેવી ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે, જેમાં સન્ની દેઓલ અને રજનીકાંત જેવા કલાકારો હતા. તાજતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે રંગમંચના જૂના દિવસો યાદ કરીને આમિર ખાન અને શાહરૂખ ખાનના જૂના દિવસોની વાતો કરી હતી.સુજાતા મહેતાએ આમિરના રંગમંચના યુવાનીના દિવસો અંગે વાત કરતાં કહ્યું કે તેમના નાટક ‘ચિત્કાર’ દરમિયાન આમિર ખાન બેકસ્ટેજ કામ કરતો હતો અને દર્શકોને પાણી પીવડાવતો હતો. તેમણે આમિર ખાનના શરૂઆતના દિવસો અને વિનમ્રતાના વખાણ કર્યા હતા અને તેણે કઈ રીતે તેણે બિલકુલ મૂળથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું કે આમિર આજે પણ પોતાના મૂળ અને શરૂઆતનું સન્માન અને મૂલ્ય સમજે છે.સુજાતા મહેતાએ શાહરૂખ સાથેની મુલાકાતની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે શરૂઆતમાં તો તેઓ શાહરૂખ ખાનને ઓળખી પણ શક્યા નહોતા. કારણ કે શાહરૂખનો દેખાવ ઘણો સામાન્ય હતો પરંતુ તે જ્યારે સુજાતા મહેતાને મળ્યો ત્યારે તેના ઘણા નમ્ર સ્વભાવનો પરિચય થયો. બીજી વખત જ્યારે મહેબૂબ સ્ટુડિયોમાં ત્યારે તેઓ શાહરૂખને મળ્યા ત્યારે તેની નમ્રતા અને કામમાં સખત મહેનતથી તેઓ ઘણા પ્રભાવિત થયાં હતાં. આ સાથે સુજાતા મહેતાએ શાહરૂખ સાથે ફરી કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

# કેજીએફ સ્ટારની વિનંતી મારો બર્થ ડે ઉજવશો નહીં



‘કેજીએફ’નો સ્ટાર યશ હાલ પૅન ઈન્ડિયા ક્રાઈમ ડ્રામા ફિલ્મ ‘ટોક્સિક’ માટે શૂટ કરી રહ્યો છે. નવા વર્ષના પહેલા મહિને ૮ જાન્યુઆરીએ તેનો જન્મ દિવસ આવી રહ્યો છે. યશનું આ પગલું અલ્લુ અર્જુનના ભાગદોડના કેસની અસર, આપણે બધાં જ જાણીએ છીએ કે સુપર સ્ટાર્સના જન્મદિવસે તેમના ફૅન્સ કેટલા ઉત્સાહમાં આવી જાય છે. કેટલાક ફૅન્સ તો તેમના ગમતા સુપરસ્ટારના જન્મ દિવસે વિવિધ પ્રકારના આયોજનો કરતાં હોય છે. તાજેતરમાં પ્રભાસના જન્મ દિવસે પણ તેના ફૅન્સે વીશ કરવાનો રેકોર્ડ બનાવવાનું આયોજન કર્યું હતું. બીજી તરફ પોતાના ગમતા સ્ટાર અલ્લુ અર્જુનની એક ઝલક માટે તેના ફૅન્સે કરેલી ભાગદોડ અને પછી થયેલી ઘટનાઓનો તાજો કિસ્સો છે. ત્યારે યશ દ્વારા પોતાના સોશિયલ મીડિયા પર પોતાના ફૅન્સને વિનંતિ કરવામાં આવી છે. ‘કેજીએફ’નો સ્ટાર યશ હાલ પૅન ઈન્ડિયા ક્રાઈમ ડ્રામા ફિલ્મ ‘ટોક્સિક’ માટે શૂટ કરી રહ્યો છે, યશે પોતાના ફૅન્સને કહ્યું કે, “નવા વર્ષની સવાર થવાને છે, ત્યારે આ સમય થોડા પ્રતિબિંબ, પ્રતિબદ્ધતા અને નવા વહેણ સાથે આગળ વધવાનો છે.” ગયા વર્ષે તેના જન્મ દિવસે તેનાં બેનર્સ બાંધતી વખતે એક ફૅનનાં દુઃખદ અવસાનની ઘટના તરફ આડકતરો ઈશારો કરતા યશે તેના ફૅન્સને કહ્યું કે આ સમય પ્રેમની ભાષા બદલવાનો છે, ખાસ કરીને બર્થ ડે સેલિબ્રેશન બાબતે. યશે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, “તમારા પ્રેમનો પ્રતિભાવ કોઈ મોટા દેખાવ કે ભીડ એકઠી કરીને ન થવો જોઈએ. મારા માટે સૌથી મોટી ભેટ જ એ હશે કે તમે બધાં સુરક્ષિત રહેશો, હકારાત્મક ઉદાહરણ બની શકશો, તમારા લક્ષ્ય સિદ્ધ કરી લેશો અને ખુશીઓ ફેલાવશો.”યશે આગળ લખ્યું કે તે શૂટિંગમાં વ્યસ્ત છે અને જન્મ દિવસે તેના ઘરમાં નહીં હોય. ‘કેજીએફ’નો સ્ટાર યશ હાલ પૅન ઈન્ડિયા ક્રાઈમ ડ્રામા ફિલ્મ ‘ટોક્સિક’ માટે શૂટ કરી રહ્યો છે, તેણે લખ્યું, “તમારી શુભેચ્છાઓની હૂંફ હંમેશા મારા સુધી પહોંચી જ જાય છે અને હંમેશા મારી સાથે જ રહે છે, જે મારામાં ઊર્જાનો સંચાર કરે છે અને મને પ્રેરણા આપે છે.” યશનું આ પગલું અલ્લુ અર્જુનના ભાગદોડના કેસની અસર, અંતે યશે તેના ફૅન્સને સુરક્ષિત રહેવાનો મેસેજ આપીને તેમને ૨૦૨૫ના વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.




‘કેજીએફ’નો સ્ટાર યશ હાલ પેન ઈન્ડિયા ક્રાઈમ ડ્રામા ફિલ્મ ‘ટોક્સિક’ માટે શૂટ કરી રહ્યો છે

### ૨૪ કલાકમાં જ ૪૮ મિલિયન વ્યૂઝ મળ્યાં

# ‘સિકંદર’ને ‘પુષ્પા ૨’નો રેકોર્ડ તોડવામાં સફળતા

સલમાન ખાનની ફિલ્મ ‘સિકંદર’નું ટીઝર ૨૮ તારીખે લૉંચ થયું અને આ ટીઝરને ૨૪ કલાકમાં જ ૪૮ મિલિયન વ્યૂ મળી ગયા છે. તાજેતરમાં જે બે ટીઝર સૌથી વધુ જોવાયા છે તે, ‘પુષ્પા ૨- ધ રૂલ’ અને શાહરુખની ડંકીને પણ આ ટીઝરે પાછળ રાખી દીધાં છે. આમ સલમાનની ‘સિકંદર’ની એક ઝલકે જ આંધી મચાવી દીધી છે. જો આ બે ટીઝરની વાત કરવામાં આવે તો ૨૪ કલાકમાં ‘પુષ્પા ૨’ના ટીઝરને ૩૯.૩ મિલિયન વ્યૂ મળ્યા હતા, જ્યારે ‘ડંકી’ને ૩૬.૮ મિલિયન વ્યૂ મળ્યા હતા. જે સલમાનના ફૅન કેટલા વધારે અને કેટલા ઉત્સાહી છે, તે દર્શાવે છે. સિકંદરનું ટીઝર સલમાનની એન્ટ્રી સાથે શરૂ થાય છે, જેમાં સલમાન ખાન પાવરફુલ લીડ રોલમાં છે અને સ્ક્રીન પર આવતાં જ તે છવાઈ જાય છે. આ એક એક્શથી ભરપૂર ફિલ્મમાં ધબકારા વધારી દે એવા ઘણા સીન જોવા મળશે. ત્યારે ટીઝરે તેના ફૅન્સની ઉત્સુકતા વધારી દીધી છે. તેઓ ઉત્સાહપૂર્વક ફિલ્મની રાહ જોઈ રહ્યાં છે.આ આંકડાઓ પરથી એ પણ સાબિત થાય છે કે સલમાનની ફિલ્મમાં માસ અપીલ છે અને માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશોમાં પણ આ ટીઝર છવાઈ ગયું છે. યુ ટ્યૂબ પર આ વીડિયોને દર કલાકે સરેરાશ ૨ મિલિયન વ્યૂઝ મળ્યા છે. તેનાથી વ્યુઅરશિપના નવા ધોરણો સ્થપાયા છે. સલમાનની સિકંદર એ આર મુર્ગાદોસ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. સલમાનની ફિલ્મમાં માસ અપીલ છે અને માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશોમાં પણ આ ટીઝર છવાઈ ગયું છે, જે ઈદ ૨૦૨૫માં રિલીઝ થશે અને તેમાં રશ્મિકા મંદાના પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ સાજીદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.



# કાંકરેજ તાલુકાના ચીમનગઢ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત જિલ્લા અંદર પ્રેરણા પ્રવાસ અને ક્લસ્ટર તાલીમ યોજાઈ



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨ ।

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત કાંકરેજ તાલુકાના ચીમનગઢ ખાતે જિલ્લા અંદર પ્રેરણા પ્રવાસ અને ક્લસ્ટર તાલીમ બનાસ બેંક ચેરમેન ડાહ્યા ભાઈ પિલિયાતર ના અધ્યક્ષ સ્થાને યોજાઈ જેમાં આત્મા અધિકારી બ્રિજેશ જોષી દ્વારા તેમનું પ્રાકૃતિક કૃષિ બુક આપી તેમનું સન્માન કરવામાં આવ્યું ઉપરાંત જિલ્લા એસપી એનએફ સંયોજક દિલીપ ભાઈ બારોટ, સંયોજક દિલીપજી ગોહિલ, રામજીભાઈ પટેલ,પેથા ભાઈ પિલિયાતર હાજર રહ્યા પ્રાકૃતિક કૃષિ વિષે ખેડુતોને માહિતી આપવામાં આવી જેમાં જીવા મૃત,બીજમૃત, ઘનજીવામૃત, આચ્છદન વિષે સંપૂર્ણ માહિતી આપ વામાં આવી. આત્માના અધિકારી દ્વારા ખેડૂતોને આત્મા યોજનાના લાભો તેમજ પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન અપાયું હતું .આ તાલીમમાં બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ હાજર રહ્યા હતા.સમગ્ર મીટિંગનું આયોજન આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એચ જે જિંદાલની સૂચનાથી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું.

# જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે.મોદીના હસ્તે “માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી”નો શુભારંભ કરાયો

## રોડ સેફ્ટી અને ટ્રાફિકને લગતા નિયમોનું સમજણ સાથે પાલન : કાયદા નિયમોનુ ચુસ્તપણે અમલ કરવા નાગરિકોને અનુરોધ કરતા જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે.મોદી



। (માહિતી) સુરત, તા.૨ ।

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત તા. ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ચાલનાર ‘‘માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી’’ નો શુભારંભ જિલ્લા કલેકટર શ્રી એસ.કે.મોદીના હસ્તે રાજપીપલા સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતેથી કરવામાં આવ્યો હતો. માર્ગ સલામતી માસના શુભારંભ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીએ જણાવ્યું કે, ‘‘માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી’’ થકી રોડ સેફ્ટી નિયમો અને રોડ અકસ્માતથી બચાવ લોકોએ કેવી રીતે નિયમોનું પાલન કરવા અંગેની વિસ્તૃતમાં માહિતી આપી હતી. વધુમાં સરકારશ્રી દ્વારા પણ રોડ સેફ્ટી નિયમો, સેમિનાર થકી લોકોમાં જાગૃતિના કાર્યક્રમો, ફરજિયાત નિશાનીઓને અનુસરો અને ટ્રાફિકને લગતા નિયમો પાલન કરવા જેવા અવેરનેશના કાર્યક્રમો જિલ્લામાં એક મહિના દરમ્યાન કરવામાં આવશે. જેનો ચુસ્તપણે અમલ કરવા જિલ્લાના નાગરિકો અને વાહનચાલકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા શ્રી પ્રશાંત શૂંબેએ જણાવ્યું હતું કે, આ અભિયાન થકી લોકોને એક મેસેજ આપવામાં આવે છે. કે રોડ સેફ્ટી અંગે જાણે, સમજે અને પોતાના જીવનો બચાવ કરે. હેલ્મેટ અને શિલ્ટ બેલ્ટ અવશ્ય વાહન ચલાવતી વખતે ઉપયોગ કરવો અને એનાથી થતાં ફાયદા અંગે ઉંડી સમજ સાથે જાણકારી આપી હતી. સાથોસાથ રોડ સેફટીને મુખ્ય પાંચ ઈ એટકે કે, શિક્ષણ, ઈન્ફોશમેન્ટનું પાલન કરવા, રોડ ઈજીનિયરિંગ, ઈમરજન્સી કેર, ઈન્વારોમેન્ટને એક યુવા જાગૃત નાગરિક તરીકે પાલન કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગને અનુરૂપ એઆરટીઓ શ્રીમતી નિમિશાબેન પંચાલે જણાવ્યુ હતું કે, નર્મદા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી અને પોલીસ અધિક્ષકશ્રીની કચેરી-રાજપીપલા દ્વારા સમગ્ર જિલ્લામા તા. ૧ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન માર્ગ સુરક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાની વિવિધ શાળા-કોલેજોમાં અનેક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જેમા ખાસ કરીને શેરી નાટકો, જુદા જુદા કેમ્પેઈન સહિત સ્લોગનના માધ્યમથી સૌને અવેરનેશ કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસ અંગેના શપથ લીધા હતા.

# ભારતીય ક્રિકેટમાં ઉંડાણ જોતાં રોહિત-કોહલીની જગ્યા ભરાઈ શકે છેઃ લેહમેન



। મેલબોર્ન, તા.૨ ।

ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં અપેક્ષા કરતાં અલગ જ થઈ રહ્યું છે અને તેમાં ય તેના બે સ્ટાર અને સૌથી સિનિયર બેટ્સમેન નિષ્ફળ જઈ રહ્યા છે ત્યારે બંનેએ હવે નિવૃત્ત થઈ જવું જોઈએ તેવી માગણી વચ્ચે હવે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર્સે પણ મીડિયાના માધ્યમથી આ પ્રકારની વાતોને વેગ આપવાનું શરૂ કર્યુ છે. સોમવારે ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ભારતનો શરમજનક પરાજય થયો હતો. આ પરાજયને પગલે ઓસ્ટ્રેલિયાએ ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી અને હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશવાની ભારતની શક્યતાઓ ઘટી રહી છે. ઓસ્ટ્રેલિયન ટીમના ભૂતપૂર્વહેડકોચઅનેબેવખતવર્લ્ડ ચેમ્પિયન ટીમ માટે રમી ચૂકેલા ડેરેન લેહમેને આ મેચ બાદ જણાવ્યું હતુ કે ભારતીય ક્રિકેટે હંમેશાં પેઢી દર પેઢી સારા ક્રિકેટર આપ્યા છે અને યશસ્વી જયસ્વાલ આ કડીને આગળ ધપાવી રહ્યો છે. ભારતીય ક્રિકેટમાં એટલું ઉંડાણ છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા તેમની કારકિર્દીનો અંત લાવી દે તો પણ ભારતીય ટીમ સારી જ રહેવાની છે. ઓસ્ટ્રેલિયા માટે લગભગ એક દાયકા સુધીમાં ૨૭ ટેસ્ટ અને ૧૧૭ વન-ડે રમેલા ૫૪ વર્ષીય ડેરેન લેહ-મેને જણાવ્યું હતું કે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટનું માળખું મજબૂત રહ્યું છે અને તે હંમેશાં મજબૂત બેટ્સમેન આપી રહ્યું છે ત્યારે કોહલી કે રોહિતની જગ્યા ભરાઈ શકે છે.લેહમેને ભારતના સ્ટાર બોલર જસપ્રિત બુમરાહની ભરપુર પ્રશંસા કરી હતી. બુમરાહ અંગે તેમણે જણાવ્યું હતુ કે મેં આજ સુધી એક જ સિરીઝમાં આટલી બધી અસર પેદા કરનારો કોઈ બોલર જોયો નથી. વર્તમાન સિરીઝમાં ભારતની બેટિંગનું કંગાળ પ્રદર્શન અને સિરીઝમાં ૧-૨થી પાછળ રહ્યા બાદ વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિની ચર્ચાઓ અંગે લેહમેને ખેદ વ્યક્ત કરીને વ્યવહારિક અભિગમન અપનાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ હાલમાં પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. તેઓ (કોહલી અને રોહિત) ગમે ત્યારે આ અંગે નિર્ણય લેશે અને આગામી દિવસોમાં જે કાંઈ બને પરંતુ આ બંને બેટ્સમેન મહાન છે અને લાંબા સમયથી ભારત માટે રમી રહ્યા છે. હવે આપણે કેટલાક યુવાન ખેલાડીઓને જોઈ રહ્યા છીએ. તેઓ સારી રમત દાખવી રહ્યા છે અને ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યા છે. ભારતીય ક્રિકેટમાં એટલું બધું ઉંડાણ છે કે ભવિષ્ય અંગે ખાસ ચિંતા કરવાની જરૂર નથી.૧૯૯૯ અને ૨૦૦૩માં વર્લ્ડ ચેમ્પિયન બનેલી ઓસ્ટ્રેલિયન ટીમના સદસ્ય રહી ચૂકેલા લેહમેને ઉમેર્યુ હતું કે જ્યારે પણ તેઓ નિવૃત્ત થવાનું વિચારશે કે નિર્ણય લેશે ત્યારે તેમની જગ્યા ભરવા માટે ભારત પાસે અન્ય નવોદિતો અને યુવાનો તૈયાર છે. આ સિરીઝમાં જયસ્વાલે સુંદર કામગીરી બજાવી છે. તે ભવિષ્યનો સુપર સ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ ડાબેરી બેટ્સમેન છે.યશસ્વી જયસ્વાલે વર્તમાન સિરીઝમાં ૧૬૧, ૮૨ અને ૮૪ જેવા સ્કોર નોંધાવ્યા છે. તેના વિશે ખુદ ડાબેરી બેટ્સમેન રહી ચૂકેલા લેહમેને કહ્યું હતું કે ઓહ, તે સુપરસ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ બેટસમેન છે. તે અને ઈંગ્લેન્ડનો હેરી બ્રુક આગામી પેઢીના મહાન ખેલાડી તરીકે ઉભરી રહ્યા છે. તેઓ એવા ખેલાડી છે કે જેમના વિશે લોકો કહેશે કે આ તેમને અમે રમતા નિહાળ્યા છે. મેલબોર્નમાં જયસ્વાલે શાનદાર બેટિંગ કરી હતી.

# વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને નેશનલ રોડ સેફ્ટી મંથની ઉજવણીનો પ્રારંભ કરાયો

## વધતા જતા અકસ્માતો સામે શાળા અને કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા કલેક્ટરશ્રી દ્વારા સૂચન કરાયું



। (માહિતી) વલસાડ, તા.૨ ।

વલસાડ જિલ્લા આરટીઓ કચેરી દ્વારા જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં નેશનલ રોડ સેફટી મંથની ઉજવણીનો ‘‘સડક સુરક્ષા, જીવન રક્ષા’’ની ટેગલાઈન સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ દીપ પ્રાગ્ટ્ય કરી જણાવ્યું કે, ઘણીવાર અમુક અકસ્માતો ખાડાના કારણે અથવા ભયજનક વળાંકને કારણે પણ થાય છે, જેથી રોડ સુધારણા કામગીરી કરવાની જરૂર છે. ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા વાહન ચાલકોના હોર્ન કાઢી દંડનીય કામગીરી કરવી જરૂરી છે.

વાહનોમાં લગાવવામાં આવતી એલઈડી લાઈટથી સામે વાળા વાહન ચાલકની આંખ અંજાઈ જતા પણ અકસ્માતો થઈ રહ્યા છે તેની સામે પણ કાર્યવાહી જરૂરી છે. વાહનો પણ પાછળના ભાગે રેડિયમની પટ્ટી અવશ્ય લગાવેલી હોવી જોઈએ. પદયાત્રીઓની સુરક્ષા બાબતે અને સાંકડા રસ્તાને પહોળા કરી શક્ય હોય તો ડિવાઈડર બનાવવા માટે પણ કલેકટરશ્રીએ સૂચન કર્યુ હતું. વધુમાં તેમણે હેલમેટ પહેરવા, સીટ બેલ્ટ બાંધવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે પણ જણાવ્યુ હતું. કલેકટરશ્રીએ યુવાધનને સંદેશ આપતા કહ્યું કે, સ્પીડનો આનંદ ક્ષણિક છે પરંતુ અકસ્માતમાં મોત અથવા ગંભીર રીતે ઘાયલ થયા બાદ પરિવાર મુશ્કેલીમાં મુકાતો હોય છે જેથી નવા વર્ષમાં વાહન ચલાવતી વખતે પોતાની તથા અન્યની કાળજી રાખવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો. અધિક જિલ્લા કલેકટર શ્રીમતી અનસૂયા જ્હાએ જણાવ્યું કે, માર્ગ અકસ્માત સામે સામાન્ય જનતામાં જાગૃતિ ફેલાવવા માટે આરટીઓ દ્વારા શાળા કોલેજોમાં પ્રોગામો કરવા જરૂરી છે.

વલસાડ જિલ્લા આરટીઓ અધિકારી નિકુંજ ગજેરાએ જણાવ્યું કે, ભારતમાં વર્ષ ૨૦૨૪માં ૧.૭ લાખથી વધુ લોકો અકસ્માતમાં મોતને ભેટયા છે. સાડા ચાર લાખથી વધુ લોકો અકસ્માતમાં ઘાયલ થતા કાયમી ખોડખાપણ ધરાવે છે. જેમાં મુખ્યત્વે ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોનો સમાવેશ થાય છે. ટુ વ્હીલર વાહન ચાલકો અને રાહદારીઓ માર્ગ અકસ્માતમાં ૬૪ ટકા હિસ્સો ધરાવે છે. જેથી આગામી દિવસોમાં શાળા કોલેજોમાં પોલીસ સાથે મળી માર્ગ સલામતી અંગે જાગૃત્તતા સેમિનાર, બ્લેક સ્પોટ અંગે સમીક્ષા, આરોગ્ય વિભાગ અને ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવાર અંગે તાલીમ અને બ્લેડ ડોનેશન કેમ્પ તેમજ હેલમેટ, સીટ બેલ્ટને લગતી દંડનીય કામગીરી કરાશે. આરોગ્ય ખાતા સાથે મળી આઈ ચેકઅપ કેમ્પ કરાશે. જીઆઈડીસીઓમાં જઈ હેવી વ્હીકલ ચલાવતા વાહન ચાલકો માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દિપક બારીયા, માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેર અમિષ પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન મોદી 3 જાન્યુઆરીનાં રોજ દિલ્હીમાં અનેકવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨ ।

‘તમામ માટે આવાસ‘ની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૧૦ વાગ્યે દિલ્હીના અશોક વિહારના સ્વાભિમાન એપાર્ટમેન્ટ્સમાં ઈન-સીટુ સ્લમ રિહેબિલિટેશન પ્રોજેક્ટ અંતર્ગત ઝુગ્ગી ઝોપરી (જેજે) ક્લસ્ટર્સના રહેવાસીઓ માટે નવનિર્મિત ફ્લેટ્સની મુલાકાત લેશે. ત્યારબાદ બપોરે લગભગ ૧૨:૪૫ વાગ્યે તેઓ દિલ્હીમાં અનેકવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી જેજે ક્લસ્ટરમાં રહેતા લોકો માટે ૧,૬૭૫ નવા નિર્મિત ફ્લેટ્સનું ઉદઘાટન કરશે અને દિલ્હીનાં અશોક વિહારમાં સ્વાભિમાન એપાર્ટમેન્ટ્સમાં યોગ્ય લાભાર્થીઓને ચાવી પણ સુપરત કરશે. નવનિર્મિત ફ્લેટ્સનું ઉદઘાટન દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) દ્વારા બીજા સફળ ઈન-સીટુ સ્લમ રિહેબિલિટેશન પ્રોજેક્ટની પૂર્ણાહુતિની નિશાની છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ દિલ્હીમાં જેજે ક્લસ્ટરના રહેવાસીઓને યોગ્ય સુવિધાઓ અને સુવિધાઓથી સજ્જ વધુ સારું અને તંદુરસ્ત રહેવાનું વાતાવરણ પ્રદાન કરવાનો છે. સરકાર દ્વારા ફ્લેટના બાંધકામ પર ખર્ચવામાં આવતા દર રૂ. ૨૫ લાખ માટે, પાત્ર લાભાર્થીઓ કુલ રકમના ૭% કરતા ઓછી રકમ ચૂકવે છે, જેમાં નજીવા યોગદાન તરીકે રૂ. ૧.૪૨ લાખ અને પાંચ વર્ષની જાળવણી માટે રૂ. ૩૦,૦૦૦નો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી બે શહેરી પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ – નૌરોજી નગરમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર (ડબલ્યુટીસી) અને સરોજિની નગરમાં જનરલ પૂલ રેસિડેન્શિયલ એકોમોડેશન (જીપીઆરએ) ટાઈપ -૨ ક્વાર્ટર્સનું પણ ઉદઘાટન કરશે. નૌરોજી નગર ખાતેના વર્લ્ડ ટ્રેડ સેન્ટરે ૬૦૦થી વધુ જર્જરિત ક્વાર્ટર્સના સ્થાને અત્યાધુનિક કોમર્શિયલ ટાવર્સ મૂકીને આ વિસ્તારની કાયાપલટ કરી છે, જેમાં આશરે ૩૪ લાખ ચોરસ ફૂટ પ્રીમિયમ કોમર્શિયલ સ્પેસ અદ્યતન સુવિધાઓ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ગ્રીન બિલ્ડિંગ પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ઝીરો-ડિસ્ચાર્જ કન્સેપ્ટ, સૌર ઊર્જાનું ઉત્પાદન અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જેવી જોગવાઈઓ સામેલ છે. સરોજિની નગર સ્થિત જીપીઆરએ ટાઈપ-૨ ક્વાર્ટર્સમાં ૨૮ ટાવર્સ સામેલ છે, જેમાં ૨,૫૦૦થી વધારે રહેણાંક એકમો છે, જે આધુનિક સુવિધાઓ પ્રદાન કરે છે અને જગ્યાનો અસરકારક ઉપયોગ કરે છે. આ પ્રોજેક્ટની ડિઝાઇનમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સુએઝ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને સૌર ઊર્જાથી ચાલતા વેસ્ટ કોમ્પેક્ટર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ઈકો-કોન્શિયસ જીવનને પ્રોત્સાહિત કરે છે.પ્રધાનમંત્રી દિલ્હીમાં દ્વારકામાં સીબીએસઈના ઈન્ટિગ્રેટેડ ઓફિસ કોમ્પ્લેક્સનું ઉદઘાટન પણ કરશે, જેનું નિર્માણ આશરે રૂ. ૩૦૦ કરોડમાં થયું છે. જેમાં ઓફિસ, ઓડિટોરિયમ, એડવાન્સ ડેટા સેન્ટર, કોમ્પ્રિહેન્સિવ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે. ઈકોફ્રેન્ડલી બિલ્ડિંગનું નિર્માણ ઉચ્ચ પર્યાવરણીય ધોરણો માટે કરવામાં આવ્યું છે અને તેને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (આઈજીબીસી) ના પ્લેટિનમ રેટિંગ ધોરણો અનુસાર ડિઝાઈન કરવામાં આવ્યું છે.

# વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ, સુરતની ટીમ વિજેતા

। (માહિતી) વલસાડ, તા.૨ ।



વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા દક્ષિણ ગુજરાત હિસાબી પરિવાર ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૪નું આયોજન ચીખલીના ગોલવાડ ફ્રેન્ડ ગ્રુપ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં વલસાડ, ડાંગ-આહવા, નવસારી, સુરત, તાપી અને ભરૂચ એમ છ જિલ્લાઓની આઠ ટીમોએ ભાગ લીધો હતો. ક્રિકેટ મેચમાં જિલ્લા તિજોરી કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, પેન્શન ચૂકવણા કચેરી તથા હિસાબી પરિવારના અધર ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો. સુરત અને તાપી જિલ્લા વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં સુરત જિલ્લાની ટીમને વિજય પ્રાપ્ત થયો હતો. મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સિરીઝ, રનર્સ અપ ટીમ અને વિજેતા ટીમને અધિકારીશ્રીઓના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. રમત રમવાનો ખાસ હેતુ સતત કચેરીના કામમાં વ્યસ્ત રહેતા અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને એક અલગ માહોલ મળી રહે એકબીજાનો પરિચય કેળવાય તથા ખેલદીલી, એકતા, સહકારની ભાવના જળવાય રહે એ માટે વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા આયોજન કરાયુ હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. રોમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. તમે રોમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. નવી યોજનાઓ તથા સાહસોને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે બ્લડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કોલેસ્ટ્રોલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વ પૂર્ણ સલાહ આપી શકે છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. રોમાન્સ માટે સારો દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. કમિશન,ડિવિડન્ડ અથવા રોયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.

### ૨ બાળક સહિત ૧૦નાં મોત, આરોપી ફરાર

## યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોમાં પણ અંધાધૂંધ ગોળીબાર

। (એજન્સી) મોન્ટેનેગ્રો, તા.૨ ।

યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોના સેટિનજેમાં બુધવારે ગોળીબારની ઘટનામાં બે બાળકો સહિત ૧૦ લોકોના મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત હતા. પોલીસે ફાયરિંગ કરનાર આરોપીની ઓળખ ૪૫ વર્ષીય એકો માર્ટિનોવિચ તરીકે કરી છે, હાલમાં આ આરોપી ફરાર છે. પોલીસના જણાવ્યાનુસાર, એકો માર્ટિનોવિકે સેટિનજેમાં ગોળીબાર કર્યો હતો. જેમાં બાર માલિક, તેના બાળકો અને આરોપીના કેટલાક સંબંધીઓ માર્યા ગયા હતા. ગોળીબાર પછીઆરોપીઘટનાસ્થળેથીભાગી ગયો હતો. પોલીસે આરોપીને પકડવા માટે સ્પેશિયલ ફોર્સ



તૈયાર કરી છે. મોન્ટેનેગ્રિનના પ્રધાનમંત્રી મિલોજકો સ્પાજિકે ઈજાગ્રસ્તની સ્થિતિ જાણવા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દુઃખદ ઘટનાને ધ્યાનમાં રાખીને ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'ઘટનાએ સમગ્ર દેશને આંચકો આપ્યો છે.' આ ઉપરાંત મોન્ટેનેગ્રિનના પ્રમુખ જેકોવ મિલાટોવિચે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઉલ્લેખનીય છે કે, આરોપી હજુ સુધી પોલીસના હાથે ઝડપાયો નથી.

### ૧નું મોત, મસ્કને આતંકી હુમલાની આશંકા

## ડોનાલ્ડ ટ્રમ્પની હોટેલ બહાર ઊભી સાઈબર ટ્રકમાં વિસ્ફોટ

। (એજન્સી) લાસ વેગાસ, તા.૨ ।

અમેરિકાના લાસ વેગાસમાં ડોનાલ્ડ ટ્રમ્પની માલિકીની હોટેલ બહાર ટેસ્લા સાઈબર ટ્રકમાં વિસ્ફોટ થતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને સાત ઘાયલ થયા હતા. પોલીસે બુધવારે આ જાણકારી આપી. જોકે તપાસ અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે બ્લાસ્ટ કેવી રીતે થયો?અમેરિકન પ્રમુખ જો બાઈડેને કહ્યું કે અમે લાસ વેગાસમાં ટ્રમ્પ હોટલની બહાર સાઈબર ટ્રકના વિસ્ફોટની ઘટના પર નજર રાખી રહ્યા છીએ. કાયદા અમલીકરણ અને ગુપ્તચર એજન્સીઓ એ પણ તપાસ કરી રહી છે કે ન્યૂ ઓર્લિયન્સમાં હુમલા સાથે શું આ ઘટનાને કોઈ લેવા દેવા છે કે કેમ? ન્યૂ ઓર્લિયન્સમાં સ્થાનિક કાયદા અમલીકરણને ઝડપથી તપાસ પૂર્ણ કરવા અને અમેરિકન લોકોને કોઈ ખતરો નથી તેની ખાતરી સુનિશ્ચિત કરવાના નિર્દેશ અપાયા છે. લાસ વેગાસના શેરિફ કેવિન મેકમહિલે મીડિયાને જણાવ્યું હતું કે વિસ્ફોટ થતાં પહેલાં આ ઈલેક્ટ્રિક વાહન ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલના કાચના એન્ટ્રી ગેટ પર પહોંચી ગયું હતું. વીડિયો ફૂટેજમાં હોટલના પ્રવેશદ્વાર પર પાર્ક કરેલી સ્ટેનલેસ સ્ટીલની ટ્રકમાં અચાનક વિસ્ફોટ થતાં આગની જ્વાળાઓ ફાટી નીકળી હતી.



નવી દિલ્હીમાં DRDO મુખ્યાલય ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે સંસ્થાના ૬૭મા સ્થાપના દિવસની ઉજવણી માટે વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને અધિકારીઓ સાથે મુલાકાત કરી.

## ડિસેમ્બરમાં GST કલેક્શન ૭.૩% વધીને રૂ.૧.૭૭ લાખ કરોડ

### રિઝર્વ બેન્કે બુધવારે જણાવ્યું હતું કે, રૂ.૨,૦૦૦ની ૯૮.૧૨ ટકા નોટ બેન્કિંગ સિસ્ટમમાં પરત આવી ચૂકી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

વર્ષના છેલ્લા મહિનામાં કુલ જીએસટી કલેક્શનમાં વૃદ્ધિનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. ડોમેસ્ટિક અને નિકાસ રિફંડમાં નોંધપાત્ર વૃદ્ધિ છતાં ડિસેમ્બરમાં જીએસટીની આવક ૭.૩ ટકા વધીને રૂ.૧.૭૭ લાખ કરોડ નોંધાઈ છે. જ્યારે સ્થાનિક વ્યવહારોમાંથી થયેલું જીએસટી કલેક્શન ૮.૪ ટકા વધીને રૂ.૧.૩૨ લાખ કરોડ થયું છે. ડિસેમ્બરમાં રૂ.૧.૭૭ લાખ કરોડના કુલ જીએસટી કલેક્શનમાં સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી)નો હિસ્સો રૂ.૩૨,૮૩૬ કરોડ, સ્ટેટ જીએસટી (એસજીએસટી) રૂ.૪૦,૪૯૯ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) રૂ.૪૭,૭૮૩ કરોડ અને સેસ રૂ.૧૧,૪૭૧ કરોડ રહ્યા હતા. અગાઉના વર્ષના સમાન ગાળામાં ડિસેમ્બર ૨૦૨૩માં જીએસટીની આવક રૂ.૧.૬૫ લાખ કરોડ નોંધાઈ હતી. નવેમ્બરમાં જીએસટી કલેક્શન રૂ.૧.૮૨ લાખ કરોડ રહ્યું હતું કે, જે ૮.૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ હતી. અત્યાર સુધીમાં જીએસટીની સૌથી વધુ આવક એપ્રિલ ૨૦૨૪માં રૂ.૨.૧૦ લાખ કરોડ રહી હતી.




ડિસેમ્બરમાં રૂ.૨૨,૪૯૦ કરોડના રિફંડ ઈશ્યૂ કરાયા હતા, જે અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનામાં ૩૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર એમ એસ મણિએ જણાવ્યું હતું કે, "જીએસટીના એકંદર કલેક્શનમાં વાર્ષિક ૮.૬ ટકા વધારો નોંધાયો છે, પણ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે રિફંડમાં ૧૩.૫ ટકાની વૃદ્ધિ છતાં આ વૃદ્ધિ હાંસલ કરાઈ છે. તે જીએસટી કલેક્શનમાં સ્થિરતા દર્શાવે છે." રિઝર્વ બેન્કે બુધવારે જણાવ્યું હતું કે, રૂ.૨,૦૦૦ની ૯૮.૧૨ ટકા નોટ બેન્કિંગ સિસ્ટમમાં પરત આવી ચૂકી છે, પણ હજુ રૂ.૬,૬૯૧ કરોડની નોટ લોકો પાસે છે. ૧૯ મે, ૨૦૨૩ના રોજ રૂ.૨,૦૦૦ની નોટ સર્ક્યુલેશનમાંથી પાછી ખેંચવામાં આવી હતી. એ દિવસે રૂ.૨,૦૦૦ની રૂ.૩.૫૬ લાખ કરોડની નોટ સર્ક્યુલેશનમાં હતી, તે ઘટીને હવે રૂ.૬,૬૯૧ કરોડ થઈ છે. રૂ.૨,૦૦૦ની નોટ અત્યારે પણ 'લિગલ ટેન્ડર' છે. અમદાવાદ, મુંબઈ સહિત દેશભરની ૧૯ રિઝર્વ બેન્કમાં આવી નોટ જમા કરાવી કે બદલી શકાય છે.

## ભારત અને પાકિસ્તાને પરમાણુ મથકોની યાદીની આપ-લે કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત અને પાકિસ્તાને બુધવારે દ્વિપક્ષીય સમજૂતિ અંતર્ગત પોતાના પરમાણુ મથકોની યાદી આપલે કરી છે. આ અંતર્ગત બંને દેશો એકબીજાના પરમાણુ મથકો પર હુમલો કરી શકશે નહીં. આ પ્રક્રિયા ત્રણ દાયકાથી વધુ સમયથી યથાવત છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ યાદીની આપલે પરમાણુ મથકો અને સુવિધાઓ પર હુમલા કરવા પર પ્રતિબંધ એક સમજૂતની જોગવાઈ અંતર્ગત થઈ છે.વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત અને પાકિસ્તાને આજે નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલોના માધ્યમથી પરમાણુ મથકો અને સુવિધાઓ પર હુમલો કરવાના પ્રતિબંધ પર થયેલી સમજૂતિ અંતર્ગત પરમાણુ મથકો અને સુવિધાઓની યાદીની આપલે કરવામાં આવી છે.

## જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો, જાતિ આધારિત કામ નહીં સોંપાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જેલમાં કેદીઓના જાતિના આધારે ભેદભાવ અને વર્ગીકરણને રોકવા માટે જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો કર્યો છે. નવા નિયમો મુજબ જેલ સત્તાવાળાઓએ કેદીઓ સાથે જાતિના આધારે કોઈ ભેદભાવ, વર્ગીકરણ, વિભાજન ન થાય તે કડકપણે સુનિશ્ચિત કરવું પડશે. કેદીઓને હવે તેમની જાતિને આધારે કોઈપણ ફરજ કે કામ સોંપી શકાશે નહીં.તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને એક પત્ર પાઠવીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે કેદીઓના જાતિ-આધારિત ભેદભાવની સમસ્યાના ઉકેલ 'મોડલ જેલ મેન્યુઅલ, ૨૦૧૬' અને 'મોડલ જેલ અને સુધારાત્મક સેવા ધારા, ૨૦૨૩' સુધારા કરાયો છે.

### નવા વર્ષની ઉજવણી સમયે થયેલા હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાંખ્યો

## ન્યૂઝીલેન્ડમાં ડ્રાઇવરે વાહન નીચે ૨ પોલીસને કચડ્યા, એકનું મોત

। (એજન્સી) નેલ્સન, તા.૨ ।

ન્યૂઝીલેન્ડના નેલ્સન શહેરમાં નવા વર્ષના આગમનની ઉજવણી પોલીસ માટે શોકમાં ફેરવાઈ ગઈ હતી. અમેરિકાની જેમ જ ન્યૂઝીલેન્ડના નેલ્સન શહેરમાં પણ નવા વર્ષની વહેલી સવારે પોલીસ અધિકારીઓ પર વાહન ચઢાવી દઈ હુમલો કરાયો હતો. એક ડ્રાઈવરે બે પોલીસ અધિકારીઓને વ્હિકલ નીચે કચડી નાંખતા મહિલા પોલીસ અધિકારી સિનીયર સાર્જેન્ટ લીન ફ્લેમિંગનું મોત થયું હતું અને એકને ગંભીર ઈજા થઈ હતી. આ હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો, કારણ કે ન્યૂઝીલેન્ડમાં ફરજ પરના પોલીસ અધિકારીઓની હત્યાના ભાગ્યે બનાવ બને છે.નેલ્સન શહેરમાં પોલીસ કમિશનર રિચાર્ડ ચેમ્બર્સે જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ પાર્કિંગ લોટનું રૂટિન પેટ્રોલિંગ કરી રહ્યાં હંતાં ત્યારે તેમના પર પુરપાટ ઝડપે વાહન ચડાવી દેવામાં આવ્યું હતું. આ પછી વ્હિકલને પોલીસ કાર સાથે અથડાવામાં આવ્યું હતું. પોલીસ કારમાં રહેલા એક ત્રીજા અધિકારીને પણ માથામાં ઈજા થઈ હતી. આ ઘટનામાં બે લોકોને પણ ઈજા થઈ હતી. આ હુમલો સ્થાનિક સમય મુજબ પહેલી સવારે બે વાગ્યે થયો હતો. પોલીસે ૩૨ વર્ષના એક વ્યક્તિની ધરપકડ કરી હતી. એક મહિલા પોલીસ અધિકારીનું હુમલાના થોડા કલાકો પછી હોસ્પિટલમાં મોત થયું હતું. બીજા અધિકારી ગંભીર હાલતમાં છે, પરંતુ ઝડપથી રિકવરી આવે તેવી ધારણા છે.ન્યુઝીલેન્ડના પોલીસ પ્રધાન માર્ક મિશેલે જણાવ્યું હતું કે આ કાયરતાપૂર્ણ હુમલામાં અધિકારીઓને ટાર્ગેટ કરાયા હતા. આ હુમલો આશરે ૫૫,૦૦૦ની વસ્તી ધરાવતા નેલ્સનના ડાઉનટાઉન વિસ્તારમાં થયો હતો. અહીં નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણી બે કલાક પહેલા પૂર્ણ થઈ હતી. આ પહેલા ન્યુઝીલેન્ડમાં ફરજ પરના પોલીસ અધિકારીની છેલ્લી હત્યા ૨૦૨૦માં થઈ હતી.

## શિક્ષણ અંગે મતભેદ થતાં એન્જિ.ના વિદ્યાર્થીએ મા-બાપની હત્યા કરી દીધી

। (એજન્સી) નાગપુર, તા.૨ ।


મહારાષ્ટ્રના નાગપુરમાં એન્જિનિયરિંગના એક વિદ્યાર્થીએ શિક્ષણ અને કારકિર્દીને લઈને મતભેદને કારણે પોતાના માતા-પિતાની કથિત રીતે હત્યા કરી દીધી છે, તેમ બુધવારે પોલીસે જણાવ્યું છે. ૨૫ વર્ષીય આરોપી ઉત્કર્ષ ઢકોલેએ ૨૬મી ડિસેમ્બરે શહેરના કપિલ નગર વિસ્તારમાં પોતાના ઘરમાં જ માતા-પિતાની હત્યા કરી દીધી અને બુધવારે સવારે પડોશીઓ દ્વારા દુર્ગંધની ફરિયાદ પછી આ ડબલ મર્ડરની ઘટના સામે આવી હતી. નાગપુરના સંબંધિત ઝોનના ડીસીપી નિકેતન કદમે જણાવ્યું કે આરોપીની માતા-પિતાના મૃતદેહ મળી આવ્યા પછી ઉત્કર્ષની ધરપકડ કરી લેવામાં આવી અને તેણે હત્યા કરી હોવાની કબૂલાત પણ કરી લીધી છે. તેમણે વધુમાં જણાવ્યું કે મૃતકોની ઓળખ લીલાધર ઢકોલે(૫૫) અને તેમની ૫૦ વર્ષીય પત્ની અરુણા તરીકે થઈ છે. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે, ઉત્કર્ષે કથિત રીતે ૨૬મી ડિસેમ્બરે બપોરે પોતાની માતાનું ગળું દબાવી હત્યા કરી હતી.

### ન્યૂ ઓર્લિયન્સ હુમલામાં FBIનો મોટો ખુલાસો

## અમેરિકામાં હુમલાખોરની ટ્રકમાંથી ISISનો મળ્યો ઝંડો

। (એજન્સી) ન્યૂ ઓર્લિયન્સ, તા.૨ ।

અમેરિકાના ન્યૂ ઓર્લિયન્સમાં બોર્બોન સ્ટ્રીટ પર નવા વર્ષની ઉજવણી કરી રહેલા લોકોને ટ્રક ડ્રાઈવરે ટક્કર મારી અને ભીડ પર ગોળીબાર કર્યો. તાજેતરની માહિતી અનુસાર આ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા ૧૦ થી વધીને ૧૫ થઈ ગઈ છે. FBIએ આ હુમલાને આતંકવાદી હુમલો માનીને તપાસ શરૂ કરી છે, કારણ કે હુમલાખોરના વાહનમાંથી આતંકી સંગઠન ISISનો ઝંડો મળી આવ્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને હુમલાની નિંદા કરી અને કહ્યું કે મને આજ સતત આ ભયાનક ઘટના વિશે જાણ કરવામાં આવી રહી છે. FBI તપાસમાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે અને આ ઘટનાને આતંકવાદ તરીકે તપાસી રહી છે. હું પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જેઓ ઉજવણી કરી રહ્યા હતા. અમેરિકામાં કોઈપણ પ્રકારની હિંસાનું કોઈ સમર્થન નથી અને અમે અમારા દેશમાં કોઈપણ સમુદાય પર કોઈ પણ હુમલાને સહન નહીં કરીએ.



FBIએ જણાવ્યું હતું કે બુધવારે બપોરે લગભગ ૩:૧૫ વાગ્યે ફ્રેન્ચ ક્વાર્ટરમાં બોર્બોન સ્ટ્રીટ પર થયેલા હુમલા બાદ પોલીસ સાથે હુમલાખોરની અથડામણ પણ થઈ હતી. આ અથડામણમાં પોલીસે હુમલાખોર ડ્રાઈવરને ઠાર માર્યો હતો.લુઈસિયાનાના ગવર્નરે લોકોને ફ્રેન્ચ ક્વાર્ટરથી દૂર રહેવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે લોકોએ ફ્રેન્ચ ક્વાર્ટરથી દૂર રહેવું જોઈએ કારણ કે તે સ્થળ પર ટ્રક ડ્રાઈવર દ્વારા કરવામાં આવેલા જીવલેણ હુમલાની તપાસ ચાલી રહી છે, જેમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. ગવર્નર જેફ લેન્ડ્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું કે અધિકારીઓ જ્યારે તપાસ કરી રહ્યા હતા.

# સનાતન ધર્મના હૃદય સુધીની યાત્રાઃ મહાકુંભ ૨૦૨૫, આસ્થા અને વારસાની દિવ્ય યાત્રા

### "મહાકુંભની દિવ્ય છત્રછાયામાં એકઠાં થવા પર આસ્થા અને ભક્તિનું અમૃત આપણા આત્માને શુદ્ધ કરે છે"

આધ્યાત્મિક ઉત્સાહની વચ્ચે, મહાકુંભ નગરની સેન્ટ્રલ હોસ્પિટલ આશા અને જીવનશક્તિના નવા અધ્યાયની શરૂઆત કરે છે. મહાકુંભ ઉત્સવની શરૂઆતના થોડા સમય પહેલા જ 'ગંગા' નામની એક બાળકી જન્મ પવિત્ર નદીઓની પવિત્રતા અને સારનું પ્રતીક છે. બીજા નવજાત શિશુ સાથે, 'કુંભ' નામના એક બાળકના જન્મની સાથે, આ જન્મ જીવનના ચક્ર અને મહાકુંભના તહેવારના આશીર્વાદને સમાવે છે. મહાકુંભની સત્તાવાર શરૂઆત પહેલા કાર્યરત થયેલી આ હોસ્પિટલ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ઝીણવટભરી તૈયારીઓનું પ્રમાણ છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ તે વાત સુનિશ્ચિત કરે છે કે મહાકુંભની પવિત્રતા માનવ કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને પરંપરાને પ્રગતિ સાથે જોડે છે.

સનાતન ધર્મના શિખરના રૂપ માં પ્રતિષ્ઠિત મહાકુંભ વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં તેની ભવ્યતાને ઉજાગર કરશે. "યાત્રાધામોના રાજા" અથવા તીર્થરાજ તરીકે ઓળખાતું પ્રયાગરાજ એક એવું શહેર છે જ્યાં પૌરાણિક કથાઓ, આધ્યાત્મિકતા અને ઈતિહાસનો સમન્વય થાય છે, જે તેને સનાતન સંસ્કૃતિનું કાલાતીત મૂર્ત અવતાર બનાવે છે. આ પવિત્ર ભૂમિ, જ્યાં ગંગા, યમુના અને ગુપ્ત સરસ્વતી નદીઓનો સંગમ થાય છે, દૈવી આશીર્વાદ અને મોક્ષ મેળવવા ઈચ્છતા લાખો લોકો માટે આધ્યાત્મિક રસ જગાડવાનું કામ કરે છે. અહીં, મહાકુંભ એક દિવ્ય યાત્રામાં પરિવર્તિત થાય છે - જે ભક્તિ, ધ્યાન અને આધ્યાત્મિકતાની એક 'ત્રિવેણી' છે.

પ્રયાગરાજના આધ્યાત્મિક રત્નોમાંથી એક છે ચહલ-પહલવાળા લોકનાથ વિસ્તારમાં સ્થિત પ્રખ્યાત બાબા લોકનાથ મહાદેવ મંદિર. કાશીના બાબા વિશ્વનાથના 'પ્રતિરૂપ' ગણાતા બાબા લોકનાથના મંદિરમાં શાશ્વત ભક્તિના નાદ સંભળાય છે. આ સ્વયંભૂ શિવલિંગનો ઉલ્લેખ સ્કંદ પુરાણ અને મહાભારતમાં જોવા મળે છે, જે તેના પ્રાચીન મૂળને રેખાંકિત કરે છે. યાત્રાળુઓનું માનવું છે કે બાબા લોકનાથના આશીર્વાદ મેળવવાથી સાંસારિક સંઘર્ષો દૂર થઈ શકે છે, અને ભવ્ય મહાકુંભ દરમિયાન, હજારો લોકો આ પવિત્ર સ્થળ પર દિવ્યતાનો અનુભવ કરવા માટે એકત્રિત થઈ રહ્યાં છે. મદન મોહન માલવીયા જેવા દિગ્ગજોની સાથે તેના જોડાણથી મંદિરનો સાંસ્કૃતિક વારસો વધુ સમૃદ્ધ છે. શિવરાત્રી પર તેની પ્રતિષ્ઠિત




શિવજીની જાનની શોભાયાત્રા અને વાઈબ્રેન્ટ હોળીની ઉજવણી પ્રયાગરાજના આધ્યાત્મિક ઉત્સાહમાં અદમ્ય વધારો કરે છે. આ શહેર મહાકુંભની તૈયારી કરી રહ્યું છે ત્યારે બાબા લોકનાથનું મંદિર ચોક્કસપણે વિશ્વભરના શ્રદ્ધાળુઓ માટે કેન્દ્રબિંદુ બની રહેશે.

મહાકુંભના આધ્યાત્મિક નગરીનું અખાડા ક્ષેત્ર ભક્તિભાવથી ધબકે છે કારણ કે નાગા સંન્યાસીઓ અને સંતો અનુષ્ઠાન કરવા, ધ્યાન ધરવા અને જ્ઞાનની વહેંચણી કરવા માટે એકઠાં થાય છે. તેમાંય મહંત શ્રવણ ગિરી અને મહંત તારા ગિરીની વાતો એક અનોખા આકર્ષણથી ગુંજી ઉઠે છે. તેમના પાલતુ પ્રાણીઓ - અનુક્રમે લાલી અને સોમા પ્રત્યેનો તેમનો અગાધ પ્રેમ સનાતન ધર્મના કરુણામય તત્ત્વને પ્રકાશિત કરે છે, જ્યાં દરેક જીવને દિવ્ય સ્વરૂપ માનવામાં આવે છે. આ સંતો જેમણે સાંસારિક બંધનો ત્યાગ કર્યો છે, તેઓ તેમના પાલતુ પ્રાણીઓ સાથે કૌટુંબિક સંબંધો રાખે છે, જે અહિંસા અને બિનશરતી પ્રેમના સિદ્ધાંતને અપનાવે છે. આવા વર્ણનો તપસ્વીઓના કઠોર જીવનને માનવીય બનાવે છે અને મહાકુંભની સર્વસમાવેશકતાની ભાવનાને રેખાંકિત કરે છે, જે આધ્યાત્મિકતા અને અસ્તિત્વના સરળ આનંદ વચ્ચે સમાનતા દર્શાવે છે.

શાંત ઝુંસી વિસ્તારમાં સ્થિત મહર્ષિ દુર્વાસા આશ્રમ, પ્રયાગરાજના આધ્યાત્મિક આકર્ષણમાં વધુ એક સ્તર ઉમેરે છે. પૌરાણિક ઋષિ મહર્ષિ દુર્વાસા સાથે સંકળાયેલી આ પ્રાચીન જગ્યામાં દિવ્ય તપસ્યા અને મુક્તિની કથાઓ સમાયેલી છે. એવું કહેવામાં આવે છે કે મહર્ષિ દુર્વાસાના ગહન ધ્યાનથી ભગવાન શિવને પ્રસન્ન કર્યા, જેમણે તેમને ભગવાન વિષ્ણુના સુદર્શન ચક્રના પ્રકોપથી સુરક્ષા પ્રદાન કરી હતી. ઋષિ દ્વારા સ્થાપિત શિવલિંગ 'અભયદાન' (ભયથી મુક્તિ) મેળવવા માંગતા ભક્તો માટે આશાનું કિરણ બની રહ્યું છે. મહાકુંભની તૈયારીમાં, આશ્રમમાં મહત્વપૂર્ણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે, તેના લાલ બલુઆ પત્થરોના દરવાજા અને ઉત્કૃષ્ટ સુવિધાઓથી યાત્રાળુઓને તેની પવિત્રતામાં ડૂબવા માટે આમંત્રિત કર્યા છે. આ પ્રયાગરાજને વ્યાખ્યાયિત કરતી પૌરાણિક કથાઓ અને આધ્યાત્મિકતા વચ્ચેના શાશ્વત બંધનની યાદ અપાવે છે.

કુંભને ચતુષ્પરિમાણીય ઉત્સવ તરીકે વર્ણવવામાં આવ્યો છે – એક આધ્યાત્મિક યાત્રા, એક તાર્કિક ચમત્કાર, એક આર્થિક ઘટના અને વૈશ્વિક એકતાનો પુરાવો. કલ્પવાસની વિભાવના, જ્યાં વ્યક્તિઓ જીવનના શાશ્વત સત્યોને સ્વીકારવા માટે ક્ષણિક ડિજિટલ વિશ્વથી અલગ થાય છે, તે મહાકુંભની પરિવર્તનશીલ શક્તિનું પ્રતીક છે. મહાકુંભ એ માત્ર એક આયોજન નથી; તે જીવન જીવવાની એક રીત છે, એક એવો તહેવાર છે જે ઈશ્વરીય બંધારણ દ્વારા સંચાલિત હોય છે. તેનો આત્મા સંતો અને ઋષિમુનિઓના સત્સંગમાં રહેલો છે, જ્યાં ધર્મ વાણિજ્ય સાથે જોડાય છે, સનાતન વૈદિક હિંદુ ધર્મના મૂલ્યોને જાળવી રાખે છે.

૨૦૨૫માં સંગમની પવિત્ર રેતી પર લાખો ભક્તોની રાહ જોવાઈ રહી છે, મહાકુંભ એક એવો આધ્યાત્મિક મહાપર્વ હોવાનું વચન આપે છે અન્યથી અલગ હશે. તે પોતાના મૂળ સાથે ફરીથી જોડાવા, સનાતન ધર્મના શાશ્વત જ્ઞાનનો અનુભવ કરવા અને ભૌતિકતાથી પર હોય તેવા ઉત્સવમાં ભાગ લેવાનું આમંત્રણ છે. બાબા લોકનાથના દિવ્ય આશીર્વાદથી માંડીને મહર્ષિ દુર્વાસાના પૌરાણિક વારસા સુધી, તપસ્વીઓના માનવીય બંધનોથી માંડીને જીવનના ચમત્કારો સુધી, મહાકુંભ આસ્થા, ભક્તિ અને ઉત્કૃષ્ટતાનો એક સમન્વય છે.

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગરના માણસામાં સ્થિત જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી







આરોગ્ય મંત્રીએ દર્દીઓને સમયસર સ્વાસ્થ્ય સુવિધા અને સેવાઓ મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી.

## ન્યુઝ બોક્ષ

### નવી ૯ મનપાનો વધારાનો ચાર્જ જિલ્લા કલેકટરને સોંપાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત સરકારે નવા વર્ષમાં રાજ્યના નાગરિકોને નવી મહાનગરપાલિકાની ભેટ આપી છે. ત્યારે આ એક જાહેરાતથી આ વિસ્તારના નાગરિકોને મોટો ફાયદો થશે. પરંતુ આજે નવી રચાયેલી નવ મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરોને કાર્યભાર સોંપાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી ગઈકાલે આપી છે. નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાઓની વર્તમાન પાંખની અવેજીમાં હવે સંબંધિત જિલ્લા કલેક્ટરો મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે ફરજો બજાવશે. તદ અનુસાર, મહેસાણા, નવસારી, નડિયાદ (ખેડા), વાપી (વલસાડ), આણંદ, સુરેન્દ્રનગર, પોરબંદર, મોરબી, ગાંધીધામ (કચ્છ)ના જિલ્લા કલેકટરો આ મહાનગરપાલિકાના વહીવટીદાર તરીકે પણ કાર્યભાર સંભાળશે. નવી રચાયેલી મહાનગરપાલિકામાં વહીવટદાર તરીકે કલેક્ટર રહેશે. જિલ્લા કલેક્ટરોને વહીવટદાર તરીકે જવાબદારી સોંપાઈ છે.

### સુરેન્દ્રનગરના મીઠાના રણમાં નર્મદા કેનાલનું પાણી ફરી વળતા નુકસાન થયું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરના મીઠાના રણમાં નર્મદા કેનાલનું પાણી ફરી વળતા નુકસાન થયું છે. જેને લઈ અગરિયાઓએ સહાય માટે સરકાર પાસે માગ કરી છે. નર્મદા વિભાગની બેદરકારીના કારણે મીઠાના રણમાં કેનાલનું પાણી ભરાઈ ગયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. લગભગ ૪૫ કિલોમીટરના વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે. અગરિયાઓને અંદાજિત ૨ કરોડથી વધુનું નુકસાન થયું હોવાના અહેવાલ છે. જેથી મીઠાનું ઉત્પાદન ઘટવાની શક્યતા છે. મહત્વનું છે કે અગરિયાઓએ વહીવટીતંત્ર સમક્ષ માગ કરી છે કે નર્મદા કેનાલનું ઓવરફ્લો થતું પાણી બંધ કરવામાં આવે. તેમજ નુકસાની અંગે તાત્કાલિક વળતર આપવામાં આવે. બીજી તરફ સુરેન્દ્રનગરના ખેડૂતોની પણ કંઈક આવી જ સ્થિતિ છે. સુરેન્દ્રનગરમાં આશરે ૧ લાખ હેક્ટર જમીનમાં ઉગાડવામાં આવેલો જીરુનો પાક બગડ્યો છે. જીરુનું વાવેતર બળી જતા ખેડૂતો પાયમાલ થયા છે.

### આજથી ફ્લાવર શો નો ભવ્ય પ્રારંભ થશે

## અમદાવાદમાં આજથી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું ઓપનિંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

આજથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રિવરફ્રન્ટ ફ્લાવર શો ૨૦૨૫ને ખુલ્લો મુકવામાં આવશે. આજે અમદાવાદના પ્રથમ નાગરિક મેયર પ્રતિભા જૈન દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં રિવરફ્રન્ટ ફ્લાવર શો અંગે માહિતી આપવામાં આવી હતી. રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શો ૩જી જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી ચાલશે. લોકોની ડિમાન્ડ હશે તો ફ્લાવર શોનો સમય વધારવામાં આવશે.વર્ષ ૨૦૨૪માં કુલ ૨૦ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. આ વખતે લોકો માટે ૨૩ પ્રકારના વિવિધ ફૂલોનું નજરાણું મુકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫ના આ ફ્લાવર શોને ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. ખાસ દેશના વિકાસ અને સંસ્કૃતિ વારસાનું પ્રદર્શન પણ મુકવામાં આવ્યું છે. પીએમ દ્વારા તેમની મુલાકાત દરમિયાન જે સૂચનો આપવામાં આવ્યા હતા તે પ્રકારે પાલન કરવામાં આવ્યું હોવાનું મેયરે જણાવ્યું હતું.આ વર્ષે સ્કલ્પ ચરની માહિતી તેઓ ઓડિયો મારફતે જાણી શકાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઊઈ કોડ મારફતે તેઓ તેમના સૂચનો પણ આપી શકશે. સોમથી શુક્ર રૂ. ૭૦ અને શનિ-રવિ રૂ. ૧૦૦ ટિકિટ દર નક્કી કરાયો છે. આ અંગે મેયર પ્રતિભા જૈને જણાવ્યું કે ગયા વર્ષે ૪૦૦ મીટર લાંબી વેલ બનાવવાનો ગિનિસ બુક ઓફ રેકોર્ડ નોંધાયો હતો. આ વર્ષે ફ્લાવર શો જોવા આવનાર લોકો માટે ગ્લો ગાર્ડન સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર રહેશે. VIP ટિકિટ માટે ૫૦૦ રૂપિયા આપવા પડશે. અમદાવાદમાં દર વર્ષે ફ્લાવર શો જોવા માટે મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડતી હોય છે અને ઘણી વખત ફ્લાવર શો સાંજના સમયે પ્રવેશ થોડા સમય માટે અટકાવી દેવો પડે છે અથવા તો મુલાકાતીઓને રોકી દેવામાં આવે છે. આ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા VIP એન્ટ્રી રાખવામાં આવી છે. સવારે ૯થી ૧૦ અને રાત્રે ૧૦થી ૧૧ એમ આ બે કલાકના સમયગાળા દરમિયાન પ્રવેશ ફી રૂ. ૫૦૦ રહેશે. જે લોકો ભીડભાડમાં આવવા ન માંગતા હોય તેઓ માટે VIP સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. જે માટે ટિકિટ ઓનલાઈન લેવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે જાન્યુઆરી મહિનાના સમયગાળા દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવતું હોય છે. દર વર્ષ કરતાં ચાલુ વર્ષે ફ્લાવર શોમાં સ્કલ્પચર અને સ્ટ્રક્ચર્સની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.

### ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડનો ભોગ બનેલા ૧૫ પરિવારો હાઈકોર્ટના શરણે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલી ગેરરીતિઓ અને દર્દીઓ સાથેની છેતરપિંડીના મામલાએ નવો વળાંક લીધો છે. હોસ્પિટલના કથિત કૌભાંડનો ભોગ બનેલા ૧૫ પરિવારોએ હવે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ અરજીમાં પીડિત પરિવારોએ વ્યક્તિગત ફરિયાદ નોંધાવવાની માંગ કરી છે.ખ્યાતિ હોસ્પિટલ પર એવા ગંભીર આરોપો છે કે તેણે તમામ નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરીને દર્દીઓને શારીરિક અને આર્થિક રીતે નુકસાન પહોંચાડ્યું છે. હોસ્પિટલ પર આરોપ છે કે તેણે ખોટી રીતે એન્જીયોગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી જેવી પ્રક્રિયાઓ કરી છે, જેના કારણે ઘણા દર્દીઓને શારીરિક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.અત્યાર સુધી આ કેસમાં માત્ર એક જ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેના કારણે અન્ય પીડિત પરિવારોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. આથી, પીડિત પરિવારોએ હાઈકોર્ટમાં અરજી કરીને વ્યક્તિગત ફરિયાદ નોંધાવવાની પરવાનગી માંગી છે.અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હોસ્પિટલ દ્વારા છેતરપિંડીનો ભોગ બનેલા દર્દીઓ પાસેથી હજુ સુધી કોઈ તપાસ એજન્સી કે આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર નિવેદન લેવામાં આવ્યા નથી. જેના કારણે પીડિતોમાં ભારે નારાજગી છે.

### તમાકુ ઉગાડતા ખેડૂતો માટે ઉત્સાહજનક સમાચાર

## પાંચ વર્ષમાં ભારતમાંથી ૧૨ હજાર કરોડની કિંમતની તમાકુની નિકાસ થવા પામી

### સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

દેશમાં તમાકુ ઉગાડતા ખેડૂતો માટે સરકારે ખુશખબર આપ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાંથી ૧૨ હજાર કરોડની કિંમતની તમાકુની નિકાસ થવા પામી છે. દેશમાંથી તમાકુની થતી નિકાસમાં છેલ્લા ૫ વર્ષમાં ૮૭ ટકા વધી છે, તો આની સાથોસાથ ૨૦૨૩-૨૪માં ખેડૂતોને પ્રતિ કિલો તમાકુએ રૂ. ૨૭૯.૫૪ મળ્યા હતા. ગુજરાતમાં સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. કેન્દ્ર સરકારના સત્તાવાર રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતે કુલ ૧૨ હજાર કરોડ રૂપિયાના તમાકુની નિકાસ કરી હતી. સરકારનો દાવો છે કે તેના કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુ ઉગાડતા ખેડૂતોની આવક પણ બમણી થઈ ગઈ છે. સરકારે દાવો કર્યો છે કે સરકારી નીતિઓ અને ટોબેકો બોર્ડના પ્રયાસોને કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુની નિકાસમાં ૮૭%નો વધારો થયો છે. કેન્દ્ર સરકારના ટોબેકો બોર્ડે ગયા વર્ષે તમાકુના ઉત્પાદન અને નિકાસને લઈને કેટલીક મહત્વપૂર્ણ માહિતી જાહેર કરી છે. જે અનુસાર, ટોબેકો બોર્ડે તમાકુ ઉદ્યોગની ટકાઉપણું અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી સંખ્યાબંધ વ્યૂહાત્મક પહેલો શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે.

ચીન પછી ભારત વિશ્વમાં તમાકુનું બીજું સૌથી મોટો ઉત્પાદક દેશ છે. જ્યારે, ભારત ચીન, બ્રાઝિલ અને ઝિમ્બાબ્વે પછી વિશ્વમાં ફ્લૂ ક્યોર વર્જિનિયા તમાકુનું ચોથું સૌથી મોટું ઉત્પાદક છે. જ્યારે જથ્થાની દ્રષ્ટિએ, ભારત બ્રાઝિલ પછી બિનઆયોજિત તમાકુનો બીજો સૌથી મોટો નિકાસકાર દેશ છે.

તમાકુની નિકાસને કારણે મોટા પાયે વિદેશી હૂંડિયામણ ભારતમાં આવે છે. સરકારી રિપોર્ટ અનુસાર, ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતે કુલ ૧૨ હજાર કરોડ રૂપિયાના તમાકુની નિકાસ કરી હતી. સરકારનો દાવો છે કે તેના કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુ ઉગાડતા ખેડૂતોની આવક પણ બમણી થવા પામી છે.

### પૂર્વ બે ધારાસભ્યોના શાબ્દિક પ્રહારો શાંત લેવાનું નામ નથી લેતું

## વિસાવદરમાં પૂર્વ ધારાસભ્યો વચ્ચેના વિવાદથી રાજકારણ ગરમાયું

। (એજન્સી) વિસાવદર, તા.૨ ।

ભાજપ પાર્ટીએ દેશની શિષ્ટબધ્ધ પાર્ટી ગણાય છે. પરંતુ પક્ષ પલટો કરીને ભાજપમાં આવેલા વિસાવદર વિધાનસભા બેઠકના બે પૂર્વ ધારાસભ્યોના અંદરો અંદરનો કચવાટ ચરમસીમાએ પહોંચ્યો છે. છેલ્લા ઘણા સમયથી જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક પ્રતિનિધિ થવા વગરનું છે કારણ કે પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણી આમદની પાર્ટીમાંથી જીત્યા બાદ પક્ષપલટો કરી ભાજપ માં આવી ગયા હતા તે સમયે હર્ષદ રીબડીયાએ ભુપત ભાયાણી સામે કોર્ટમાં પિટિશન કરી હતી જે બાદ આ પિટિશનનો ઉકેલ નહીં આવતા હજુ સુધી વિસાવદર વિધાનસભા બેઠક પર ચૂંટણી થઈ શકી નથી આ વિવાદ વચ્ચે હર્ષદ રીબડીયા થોડા દિવસ પહેલા ઈકો ઝોનના વિરોધમાં આપના કાર્યક્રમમાં જોવા મળ્યા હતા તેને લઈ ભુપત ભાયાણીએ નિવેદન આપ્યું હતું તેની સામે આજે બે દિવસ બાદ પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ મોન તોડ્યું હતું અને નિવેદન આપ્યું કે હું ખેડૂતોની સાથે છું અને ખેડૂતો સાથે જ રહેવાનો છું ભુપત ભાયાણી ઉપર કોઈ કોમેન્ટ કરવાની થતી નથી જેના જેવા વિચારો છે તે રજૂ કરે છે. જ્યારે હું ભારતીય જનતા પાર્ટીનો સૈનિક છું અને વડાપ્રધાન મોદીની વિચારધારા સાથે જોડાયો છું હું કોઈ પક્ષમાં હવે જવાનો નથી બીજી તરફ વિધાનસભા બેઠકને લઈ કહ્યું કોર્ટ મેટર ચાલે છે તેમાં કોઈ કોમેન્ટ નહીં કરું. અમે બધા સાથે છીએ મેં કોઈ પાર્ટી વિરુદ્ધ કામ કર્યું નથી ઈકોઝન મુદ્દે વડાપ્રધાનને મળવાની વાત મેં સંમેલનમાં કરી હતી કોઈ વિવાદિત નિવેદન આપ્યું નથી. હર્ષદ રીબડીયાના નિવેદન પર વધુ એક વાર પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણીએ પ્રહારો કર્યા છે. મોટાભાઈ છે તે મોટી વાતો કરે છે જો મન દુઃખ ન હોય તો મારી સાથે આવી પિટિશન પરત ખેંચી લેવી જોઈએ પિટિશન પરત ખેંચવાની રજૂઆત લઈને હર્ષદભાઈ પાસે હું ઘણીવાર ગયો હતો અને મહુડી મંડળમાંથી પણ પિટિશિયન બાબતે હર્ષદ રીબડીયાને સુચનાઓ આપવામાં આવી છે છતાં તે ઉલંઘન કરી રહ્યા છે. નાની એવી બાબતની પિટિશન કરી વિસાવદર વિધાનસભા બેઠકના ૨.૫૦ લાખ લોકો વિકાસથી વિહોણા છે અને કોઈ પ્રતિનિધિત્વ કરનાર વ્યક્તિ જ વિસાવદર વિધાનસભા બેઠક પર નથી.. જેનું કારણ છે હર્ષદ રીબડીયા. ૨૦૨૩ માં ભુપત ભાયાણી સામે હર્ષદ રીબડીયાએ ભાયાણીના દીકરાની બાઈકની વિગત ચૂંટણી ફોર્મમાં છુપાવી હતી તે બાબતની પિટિશન કોર્ટમાં દાખલ કરાઈ હતી.

### સ્કૂલવેનમાં જતી તમારી દીકરીઓ સલામત છે?

## સ્કૂલવેનના ચાલકે ઘેનયુક્ત ચા પિવડાવી વિદ્યાર્થિનીની છેડતી કરી

### આ મામલે વિદ્યાર્થીનીના માતા-પિતાએ પોલીસ સ્ટેશનમાં સ્કૂલવેનના ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

। (એજન્સી) સુરત, તા.૨ ।

શું સ્કૂલવેનમાં જતી તમારી દીકરીઓ સલામત છે? ગુજરાતના ડાયમંડ નગર તરીકે ઓળખાતા સુરત શહેરમાં અવાર-નવાર દુષ્કર્મ, છેડતીના કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. જેને પગલે નાની દીકરીઓ માટે આ શહેર સુરક્ષિત નથી કે શું? તેવો પ્રશ્ન ઉઠે છે. આવી જ વધુ એક ઘટના સુરતમાં બની છે, જેમાં સ્કૂલવેનના ચાલકે ઘેનયુક્ત ચા પિવડાવી વિદ્યાર્થિનીની છેડતી કરી હતી, સાતમા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની દુષ્કર્મના ઈરાદે છેડતી કરતા સમગ્ર ઘટના બહાર આવી હતી. સ્કૂલવેનનો ચાલક ૩ દિવસથી ઘેનયુક્ત ચા પિવડાવી ગંદી હરકત કરતો હતો, જ્યારે બીજી તરફ માતા-પિતાએ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર ઘટનામાં શહેર પોલીસ દ્વારા નરાધમ સ્કૂલવેનના ચાલક સુભાસ પવારને પકડી પાડવામાં આવ્યો છે, તે વિદ્યાર્થિનીને શાળાએ લઈ જાય અને ત્યારબાદ રસ્તામાં ચા પીવડાવી ગંદી હરકતો કરતો હતો તેમજ સાથે-સાથે દુષ્કર્મ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. નરાધમ ત્રણ દિવસથી આ જ કામ કરતો હતો પરંતુ વિધાર્થિનીને આ બાબતે જાણ થતા તેણે તેનાં માતા-પિતાને પણ જાણ કરી હતી. જે બાદ વિધાર્થિનીનાં માતા-પિતાએ પોલીસને સમગ્ર ઘટના જણાવી અને પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. કેસમાં આરોપી સ્કૂલવેનનો ચાલક સુભાસ પવાર ગાડી ચલાવવાનું કામ કરે છે, જે સ્કૂલવેનમાં સવારે અને બપોરે બાળકોને શાળાએ લેવા મૂકવા જાય છે. આ દરમિયાન પોલીસની તપાસમાં એ પણ બહાર આવ્યું કે, દુષ્કર્મ આચરવાના બદ ઈરાદે તે આવું કરતો હતો.





